
સંસ્કાર જ્યોત વાર્તા શ્રેણી ૩

# યશોધર ચરિત્ર



- લેખક -

પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.

સંસ્કારજ્યોત વાર્તાશ્રેણી

# યશોધર ચરિત્ર

## ૩

—: લેખક :—

સ્વ. પરમારાધ્યાપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્ય ભગવંત શ્રીપ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. પરમ શાસન પ્રભાવક તપોનિધિ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ.

: પ્રકાશક :

શ્રી પ્રેમસૂરીશ્વર જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ,

નવરંગપુરા, અમદાવાદ–૯.

(સર્વહક્ક સંસ્થાને સ્વાધીન)

આવૃત્તિ ચોથી

નકલ : ૨૦૦૦ મૂલ્ય : બે રૂપિયા

સં. ૨૦૩૮, માગસર

: પ્રાપ્તિસ્થાન :

(૧) સેવંતીલાલ સાંકળચંદ શાહ
'રત્નમણિ' સ્ટેડીયમ રોડ,
મ્યુ. સ્કુલની બાજુમાં, નવરંગપુરા,
અમદાવાદ-૯

(૨) સોમચંદ ડી. શાહ
પાલીતાણા

(૩) જશવંતલાલ ગીરધરલાલ
દોશીવાડાની પોળ,
અમદાવાદ

(૪) સેવંતીલાલ જૈન
મહાજન ગલી,
ઝવેરી બજાર,
૧ લે માળે, મુંબઈ-૨

મુદ્રક : પ્રીમા પ્રિન્ટરી, રીલીફ સીનેમાની ગલીમાં, પ્લાઝા હોટલની સામે, અમદાવાદ.

## ખાસ સૂચના

શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ તરફથી અત્યારસુધીમાં કુલે ૮૫ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. અત્યારે કુલે ૭૭ પુસ્તકો સંસ્થા પાસે સ્ટોકમાં છે, જેની કિંમત રૂ. ૧૪૦ થાય છે.

# ભવ લગાડે દવ

ભવના દવ જુદી જાતના છે. સંસાર સળગતી જ્વાળા જેવો છે. આ વાત સમજાઈ જાય તો વૈરાગ્યનાં પૂર આત્મામાં ઉમટ્યા વિના રહે નહિ.

'કર્મમયો અયં સંસારઃ
વિષમો અયં સંસારઃ
વિષમયો અયં સંસારઃ'

આ સંસાર કર્મમય છે...સંસાર વિષમ છે...સંસાર વિષમય છે...આ ત્રણે વિશેષણોની સાર્થકતા સંસારમાં સમજુ માણસ અનુભવી શકે છે...અનેક પાપોના પુંજ સંસારના શરણે જીવનારના જીવતરમાં ખડકાઈ જાય છે... કાળજામાં કાલિમા લગાવી જાય છે.

સમજુ–ડાહ્યા–શાણા જનો પણ સંસારને શરણે જીવતાં કોઈક ક્ષણે ગંભીર ભૂલ કરી બેસે છે–જેનું વર્ણન પણ અસહ્ય બની જાય છે...

યશોધરનું જીવન ચરિત્ર સંસારના તાદૃશ ચિતારને નજર સામે તરતું કરી દે તેવું છે.

સ્વાર્થી નયનાવલીની પિશાચલીલા...યશોધરા માતાનો હિંસા માટે આગ્રહ...સુરેન્દ્રદત્તની નાનકડી ભૂલ...પરિણામ તો જે આવવાનું હતું એના કરતાંય અનેકગણું સહન કરવું પડ્યું છે.

યશોધર ચરિત્રને વાંચતાં આંખોમાંથી અશ્રુ અને અંતરમાં આહ વછૂટયા વિના રહી શકશે નહિ.

પૂજ્ય વિદ્વાન મુનિમહારાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજે રસાળ શૈલીમાં ધારાપ્રવાહ ગતિથી સુંદર ચરિત્ર નિરૂપણ કર્યું છે. નાના-મોટા સહુના અંતરમાં-વેદનાનો એક ચિત્કાર પેદા કરનારી આ કથા છે.

સંસ્કાર જ્યોત વાર્તાશ્રેણીનું આ બીજું પ્રકાશન-સંસારના ભયંકર સ્વરૂપને નજર સામે છતું કરી દે તેવું છે.

જેના હૈયા-અને હોઠમાં ત્યાગ જ ભરેલા છે. એવા ત્યાગીના હાથે આ કથાને શબ્દના શણુગાર મળ્યા છે.

**કથા કથા જ નથી. પણ સંસારની ભયંકર વહેતી વ્યથા છે.** ભવ કેવો નવ-નવ ભવ સુધી દવ લગાડે છે—તેનું સુંદર નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે.

'સમરાઇચ્ચ કહા'ના આધારે લખાયેલી આ વાર્તા સહુના જીવનમાં પરિવર્તન લાવશે જ એવી આશા અસ્થાને નહિ ગણાય.

**ચંદનબાળા જૈન ઉપાશ્રય પં. રાજેન્દ્ર વિજય ગણી**
**વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.**
**આસો વ. ૯**

# યશોધર ચરિત્ર

'સમરાઇચ્ચ કહા' ગ્રંથની આ ખૂબ જ પુરાણી વાર્તા છે.

અવધિજ્ઞાની એવા યશોધર નામના મહામુનિએ ગુણસેન રાજાનો જીવ જે ચોથા ભવમાં ધન નામનો શ્રેષ્ઠી-પુત્ર છે તેને પોતે સ્વમુખથી કહેલી અદ્ભુત અને આશ્ચર્યકારી આ વાર્તા છે.

અવધિજ્ઞાની યશોધર મહર્ષિ પોતાનું નવભવનું ચચિત્ર ધનને કહે છે તે સાંભળો.

વિશાલા નામની નગરી હતી. આ નગરીના રાજાનું નામ અમરદત્ત હતું. તેનો હું સુરેન્દ્રદત્ત નામનો પુત્ર હતો. મારી માતાનું નામ યશોધરા અને મારી પત્નીનું નામ નયનાવલી હતું.

મારા પિતાએ મારો રાજ્યાભિષેક કરી રાજ્ય મને સોંપીને દીક્ષા લીધી. હું સમ્યક્ત્વ પામેલો હોવાથી સંસારની અસારતા અને વિષયસુખની વિષમયતાને જાણવા છતાં મારી રાણી નયનાવલી સાથે વિષયસુખનો અનુભવ કરતો મારો સમય પસાર કરી રહ્યો હતો. એકવાર મારી રાણીએ મારા વાળ ઓળતાં મારા માથામાંથી એક સફેદ વાળ મને હાથમાં લઇ બતાવ્યો. તે સફેદ વાળ જોતાં હું એકદમ મોહનિદ્રામાંથી સફાળો જાગી ઊઠયો. આ ધર્મદૂત

આવીને મને કહે છે કે હવે આયુષ્યનો સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં છે માટે ધર્મપુરુષાર્થ માટે તૈયારી કરો.

મારા પૂર્વજો તો આ ધર્મદૂત આવે તે પહેલાં સંસાર છોડી સંયમનો સ્વીકાર કરી સદ્‌ગતિને સાધી ગયા છે અને હું ધર્મદૂત આવી ગયો છતાં હજુ આ રાજ્ય-વૈભવો અને કામભોગોને વળગીને બેઠો છું. મને ધિક્કાર છે. આમ વિચારતાં મને ખૂબ જ વૈરાગ્ય જાગ્યો. તેથી મેં નિર્ણય કર્યો કે હવે આ સંસારથી સર્યું. રાજ્ય તો નરકનું પ્રતિનિધિ છે માટે રાજ્ય છોડી હું શ્રમણપણાનો સ્વીકાર કરું.

પછી મેં મારો વિચાર મારી રાણી નયનાવલીને જણાવ્યો. તેણીએ મને કહ્યું કે, 'હે આર્યપુત્ર! જે આપને યોગ્ય લાગે તે સુખીથી કરો, હું આપને પરલોકની સાધનામાં અંતરાય કરનારી નથી. હું પણ આપની સાથે જ સંયમ લેનારી છું. માટે આપ થોડોક વિલંબ કરો તો સારૂં.' મને લાગ્યું કે જો રાણી પણ મારી સાથે સંયમ લેતી હોય તો હું થોડોક વિલંબ કરૂં જેથી તેનું પણ કલ્યાણ થાય. તેથી મેં પ્રસન્ન થઈ રાણીને કહ્યું કે, 'જો તું મારી સાથે સંયમ લેવા ચાહે છે તો હું થોડોક વિલંબ કરીશ.'

આમ દીક્ષા લેવાની વિચારણા કરતાં દિવસ પૂરો થયો. સૂર્ય અસ્તાચળ પર પહોંચી ગયો. તેથી ધીરે ધીરે રાત્રિએ સર્વત્ર પોતાનો અંધકારપટ બીછાવી દીધો. હું

મારા શયનગૃહમાં સુવા આવ્યો. મારા પલંગ ઉપર નયનાવલી આવીને મારા પડખે સુઈ ગઈ.

મને સંયમ લેવાની ચિંતામાં ઊંઘ આવતી નહોતી તેથી આંખો બંધ કરીને સુતો હતો. હું ઊંઘી ગયો છું તેમ સમજીને મધ્યરાત્રિએ નયનાવલી પલંગ પરથી ઊઠીને શંકાસહિત ધીરે રહીને શયનખંડનું બારણું ખોલીને વાસગૃહમાંથી બહાર નીકળી. હું પથારીમાં જાગતો જ પડયો હતો તેથી મને રાણીની હિલચાલની બધી ખબર પડી ગઈ. મને લાગ્યું કે અત્યારે કવેળાએ આ નયનાવલી દ્વાર ખોલી બહાર કેમ ગઈ? કદાચ હવે મારો તેને વિયોગ થવાનો જાણી, મારા પરના પ્રેમથી તે આત્મહત્યા કરવા તો અત્યારે નહિ ગઇ હોય—એમ મને શંકા પડતાં હું હાથમાં તલવાર લઈને તેની પાછળ પાછળ ઊઠીને ગયો. જઇને જોયું તો મારા અચંબાનો પાર ન રહ્યો. નયનાવલી તો સીધી મહેલરક્ષક જે કુબડો માણસ હતો તેની પાસે પહોંચી ગઈ હતી. પેલો મહેલરક્ષક ઊંઘમાં હતો. તેથી રાણીએ જઈને તેને જગાડયો. જગાડતાં જ પેલો કુબડો રાણી પર તાડૂકયો, 'રાંડ! આટલી બધી મોડી કેમ આવી? કયારનો યે હું તારી રાહ જોતો બેઠો હતો. તું ન આવી એટલે કંટાળીને સુઈ ગયો.'

રાણી પોતાના પ્રેમી કુબડાને કહે છે કે, 'તમે મારા ઉપર ગુસ્સો ન કરો. મોડું આવવામાં મારો વાંક નથી. પણ કોણ જાણે આજે રાજાને જલ્દી ઊંઘ આવી નહિ

તેથી તેમના જાગતાં હું અહીં જલ્દી કેમ આવી શકું ? જેવા તે ઊંઘ્યા કે તરત જ હું પલંગ પરથી ઊતરી શયન-ગૃહનું બારણું સાચવીને ખોલીને અહીં આવી છું.'

પછી પેલા મહેલપાલક કુબડાએ કઠીન હાથથી રાણીના વાળ જોરથી પકડયા. અને તેણીને જમીન પર પાડી દીધી. અકામચેષ્ટાઓ કરી અને પછી રાણી સાથે સંભોગ કરવા લાગ્યો.

આ દૃશ્ય સગી આંખે જોઈને મને રાણી અને પ્રાસાદપાલક કુબડા પર અત્યંત ક્રોધ ઉત્પન્ન થયો. તેથી બંને આ દુરાચારીઓને તલવારના એક જ ઝાટકે પૂરા કરી નાંખું એમ ક્રોધાવેશમાં મેં મારી તલવાર કમરેથી કાઢીને જ્યાં તે બંને પર મારવા ધસી જાઉં ત્યાં મારા મનમાં શુભ વિચારે પ્રવેશ કર્યો અને વિચાર કર્યો કે, 'સર્વ જીવો કર્મવશ છે' અને જ્યારે હું આવા પરમપદના પૂનિત પંથે પ્રયાણ કરવા તત્પર બન્યો છું ત્યારે મારે સ્ત્રી હત્યા કરીને શા માટે અમંગલ કરવું ? માટે મારે આ પાપી જીવોની ઉપેક્ષા કરવી જ ઉચિત છે, બીજું જિનાગમોમાં ભગવાન જિનેશ્વરદેવોએ પણ કહેલું છે– અવિવેક બહુલૈવ સ્ત્રી ભવતિ—સ્ત્રીમાં અવિવેક ઘણો જ હોય છે.

આમ વિચારીને મેં મારી તલવાર મ્યાન કરી. આ બનાવથી મારું મન નયનાવલી ઉપરથી ઊઠી ગયું. પ્રેમ જે હતો તે પલાયન થઈ ગયો.

પાતંજલઋષિએ પણ કહ્યું છે કે–વિરક્તિ દોષ દર્શનાત્–

કોઈ વસ્તુમાં કે કોઈ વ્યક્તિમાં દોષનું દર્શન થવાથી વિરક્તિ (વૈરાગ્ય) ઉત્પન્ન થાય છે.

રાજાએ રાણીનો સગી આંખે દુરાચારનો દોષ દેખ્યો એટલે રાણી પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો.

પછી ત્યાંથી હું મારા શયનગૃહમાં પાછો ફર્યો અને પુનઃ મારા પલંગમાં સુઈ ગયો. અને વિચારવા લાગ્યો કે– સ્ત્રી માયાનું મંદિર છે, સળગતા અંગારાનો પુંજ છે, નરકનો માર્ગ બતાવનારી દીપીકા છે, બેડી છે, બંધન છે, મોક્ષમાર્ગની સાધનામાં અંતરાય કરનારી છે, સંસારરૂપી વૃક્ષનું મૂળ છે, સકલ ઉપાધિઓની જડ છે. અવિશ્વસનીય છે, દુઃસાહસ કરવામાં અગ્રણી છે. ટૂંકી બુદ્ધિશાળી છે અને કારણ વિનાનું મૃત્યુ છે. તેના મનમાં જુદું, વાણીમાં જુદું અને વર્તનમાં પણ જુદું હોય છે. તેની મને આજે સાક્ષાત પ્રતીતિ થઈ.

તેણીએ મને મારી સાથે દીક્ષા લેવાની જે વાત કરી તે પણ ખોટી જ લાગે છે.

ખેર, નયનાવલીની ચિંતા કરવાનું મારે શું કામ છે? સંસાર જ આખો પ્રપંચી અને સ્વાર્થી છે. તેથી હવે હું જલ્દી દીક્ષા લઈ લઉં, આ પ્રમાણે હું પલંગમાં રાતના પડયો પડયો વિચાર કરતો હતો ત્યાં નયનાવલી પેલા કુબડા સાથે પાપ કરીને મારા શયનગૃહમાં સુવા માટે આવી. મેં પણ ઊંઘવાનો ડોળ કર્યો, રાણી મારી પાસે આવીને સુઈ ગઈ. અને મારી ખુશામત કરવા લાગી. હું તેની બધી

ગુપ્ત પ્રવૃત્તિઓ જાણવા છતાં તેણીને મારો જરાયે મનોભાવ જાણવા ન દીધો. અને પહેલાંની માફક તેની સાથે પ્રેમભર્યો વર્તાવ કર્યો.

એટલામાં પ્રભાતિયાં વાગ્યાં. રજની વીતી અને પ્રભાત પ્રગટયુ. એટલે હું જાગ્યો. જાગીને પ્રાતઃકાળનું કૃત્ય કરી હું રાજસભામાં ગયો. ત્યાં જઈને મંત્રીમંડળને બોલાવ્યું. બોલાવીને મેં મારો દીક્ષા લેવાનો વિચાર મંત્રીમંડળને જણાવ્યો. મંત્રીમંડળ મારા વિચાર સાથે સંમત ન થયું. તેથી મંત્રીમંડળે મને કહ્યું કે, 'હે દેવ ! ગુણધરકુમાર હજુ ઉંમરમાં નાના છે. તેથી તેમના ઉપર રાજ્યની ધુરા હાલ મૂકવી યોગ્ય નથી. બીજું પ્રજાનું પાલન કરવું એ પણ ધર્મ જ છે ને ?'

પછી મેં મારા મંત્રીમંડળને કહ્યું કે શું તમે અમારા કુલની રીત ( પ્રણાલી ) જાણતા નથી કે ધર્મદૂત આવે એટલે સંસારમાં ન રહેવું. મંત્રીમંડળે કહ્યું કે તે તો આપ જાણો.

તે દિવસ પૂરો થયો અને રાત પડી. થોડો વખત રાજસભામાં પસાર કરી હું મારા શયનગૃહમાં ગયો. નયનાવલી ઉપરથી સ્નેહભાવ ચાલ્યો ગયો હોવાથી તુરત મને નિદ્રા આવી ગઈ. રાત્રિના છેલ્લા પહોરમાં મેં એક સ્વપ્ન જોયું. જાણે હું સફેદ મહેલના ઉપરના સિંહાસન પર બેઠો છું અને પ્રતિકૂલ બોલનારી મારી માતા યશોધરાએ મને સિંહાસન પરથી નીચે પટકી દીધો અને હું પડતો પડતો ઠેઠ નીચેની ભૂમિ ઉપર આવ્યો. મારી પાછળ મારી

માતા પણ ગોઠીંબડાં ખાતી નીચે આવી. પછી હું હિંમત કરીને મેરૂ પર્વત પર ચઢયો અને સ્વપ્ન પૂરૂં થયું. પછી મેં જાગીને સ્વપ્નના ફળનો વિચાર કર્યો કે પ્રથમ મારું પતન થશે. પછી મારૂં ઉત્થાન થશે. પહેલાં દુઃખ અને પછી સુખ થશે. તેથી મેં વિચાર કર્યો કે શું ભાવિમાં થવાનું છે તે હું જાણી શકતો નથી.

ખેર, બીજી ચિંતા કરવાનું શું કામ છે? હું તો હવે સંયમ લેવા તૈયાર થયો છું. તેથી જે થવાનું હોય તે ભલે થાય.

પછી મેં ધર્મધ્યાન કરતાં રાત્રિ પસાર કરી. ઊઠીને પ્રાતઃકાલનું કાર્ય પતાવી હું રાજસભામાં ગયો. ત્યાં મારી માતા અનેક રાજ્યની સ્ત્રીઓ સાથે આવી. મેં ઊભા થઈ માતાનો વિનય કર્યો. માતાએ મારા શરીરનું કુશળ પૂછ્યું. પછી મારી માતા મોટી પીઠિકા પર બેસી. મેં વિચાર કર્યો કે સારૂં થયું કે અત્યારે માતા આવી. હું તેમને મારો દીક્ષા લેવાનો વિચાર જણાવું અને સાથે આજે રાતના આવેલ ખરાબ સ્વપ્નની વાત પણ જણાવું.

જેથી ખરાબ સ્વપ્નના ફળના નિવારણનો ઉપાય માતા કંઈક બતાવશે. તેથી મેં રાતના સ્વપ્નની અને દીક્ષા લેવાની માતાને વાત કરી, 'હે માતા! મારૂં મન આ ભવપ્રપંચથી વિરકત બની ગયું છે. તેથી તમે મને દીક્ષા માટે સંમતિ આપો.'

માતાએ કહ્યું, 'તું ગુણધર રાજકુમારને રાજ્ય આપીને મહેલમાં રહીને અલ્પકાલની દીક્ષા લઈને રહે અને તને આવેલ ખરાબ સ્વપ્નના ફળના નિવારણ માટે હું બતાવું તે વેદવિધિ મુજબ તું જલચર, સ્થળચર અને ખેચર પશુ-પંખીઓનો વધ કરી કુલદેવતાની પૂજા કર જેથી શાન્તિ થાય.'

શાન્તિકર્મ માટે જીવવધની વાત સાંભળી મેં મારા બે કાન બંધ કરી દીધા. મેં માતાને કહ્યું કે, 'જીવવધથી કદીયે શાંતિ થતી હશે? શાન્તિ તો અહિંસારૂપી ધર્મથી થાય.' સાંભળ માતા મારી વાત-જે મનથી પણ બીજાં જીવોને મારવાની ઈચ્છા કરે છે તે અનેક ભવોમાં ભટકી અનેકવાર મરે છે. માટે સાચું શાન્તિકર્મ તો જીવોને શાતા-સુખ અને જીવનદાન આપવાથી થાય છે. આ લોકમાં અને પરલોકમાં સૌથી શ્રેષ્ઠ શાન્તિકર્મ પોતાના આત્મા સમાન સૌ જીવો પ્રત્યે સમભાવ રાખવામાં અને તેવા પ્રકારનો તેઓ સાથે વ્યવહાર કરવામાં છે. શાસ્ત્રમાં સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું છે કે-નચત્રિભુવને અપિ પાપમન્યત્ પ્રાણાતિપાત તો અસ્તિ-**ત્રણ ભુવનમાં જીવહિંસાથી વધીને બીજું મોટું કોઇ પાપ નથી.** વિશ્વના બધા જ નાના જીવોને સુખપ્રિય અને દુઃખપ્રિય છે. સૌ જીવોને પોતાનું જીવન વ્હાલું છે. કોઈને પણ મરણ વ્હાલું નથી.

માટે મરણભીરૂ જીવોને મારવાથી શાન્તિ વળી કેવી? માતાએ કહ્યું કે, 'તારી વાત સાચી છે પણ દેહના આરોગ્ય માટે આટલું પાપ કરવું જોઈએ. મેં માતાને કહ્યું, 'દીર્ઘાયુ,

સુરૂપ, નિરોગિતા, સર્વજનપ્રિયતા વગેરે તો જીવોને અભયદાન આપવાથી મળે છે. માટે જે દેહના આરોગ્ય માટે પાપની વૃદ્ધિ થતી હોય તેવા દેહ આરોગ્યનું મારે કામ નથી. અહિંસા વ્રતની રક્ષા એ જ મોટું પુણ્ય છે.' માતાએ મને કહ્યું, 'તારી ઋષિની વિચારણાનું મારે કામ નથી. માટે હું કહું તેમ કર. તારૂં તત્ત્વજ્ઞાન તારી પાસે રાખ.' એમ બોલતી માતા ચરણોમાં પડી અને રડવા લાગી. તેથી મારે માટે **'વ્યાઘ્રતટી ન્યાય'** આવ્યો. જો માતાનું વચન માન્ય કરતો નથી તો ગુરૂવચનનો ભંગ થાય છે અને માતાનું વચન માન્ય કરૂં છું તો અહિંસાવ્રતનો ભંગ થાય છે. તેથી હું મૂંઝવણમાં પડી ગયો કે હવે મારે શું કરવું ?

ગુરૂવચન ભંગથી પણ વ્રતનો ભંગ કરવો તે મોટા પાપનું કારણ છે. એમ વિચારીને પુનઃ મેં માતાને હાથ જોડી કહ્યું, કે 'હે માતા ! જો હું વ્હાલો હોઉં તો દુર્ગતિના ખાડામાં હું પડું એવો તું મને આદેશ ન કર.

અને જો તારે તારૂં ધાર્યું મારી પાસે કરાવવાની હઠ હોય તો હું અત્યારે જ મારી તલવારથી મારૂં માથું ધડથી જુદું કરૂં છું. તેથી તું મારા માંસ અને લોહીથી કુલદેવતાનું પૂજન કરજે.' એમ બોલીને રાજાએ મ્યાનમાંથી તલવાર કાઢીને જ્યાં પોતાના ગળા પર ફેરવવા જાય છે ત્યાં રાજસભામાં ખભભળાટ (કોલાહલ) મચી ગયો અને સભાજનો અને માતા એકદમ બેબાકળા બનીને મને કહેવા લાગ્યા કે 'મા સાહસમ્' એમ બોલતાં મારી માતાએ

મહાપીઠ પરથી જલ્દી ઊઠીને મારો હાથ પકડી લીધો અને મને કહ્યું કે, 'આવો જ તારો માતૃપ્રેમ છે ને? શું તારા મર્યા પછી હું જીવતી રહીશ? તો તારે મને જીવતી રાખવી હોય તો તલવાર મ્યાન કર અને આત્મહત્યાનો વિચાર છોડી દે.'

એટલામાં કુકડાએ અવાજ કર્યો. માતાએ કુકડાનો અવાજ સાંભળી મને કહ્યું કે, 'હે બેટા! આ અવસરે આ કુકડો આપણને એમ સૂચવે છે કે આ શાન્તિકર્મમાં આ કુકડાનો વધ કરવો એ જ વિધિ છે. માટે તું ભલે બીજા પશુ–પંખીઓનું કુલદેવીને બલી ન આપે તો કાંઈ નહિ, પણ આ કુકડાનો બલિ તો તારે આપવો જ પડશે.'

મેં માતાની વાત સાંભળી કહ્યું કે, 'હે માતા! હું મારા આત્માના વધ સિવાય કોઈપણ પ્રાણીનો વધ કરીશ નહિ.'

પછી માતાએ મને કહ્યું કે, 'તું ત્યારે એમ કર. જીવતા કુકડાનો વધ ન કર, પણ લોટના બનાવેલા નિર્જીવ કુકડાનો વધ કરી કુલદેવીને પ્રસન્ન કર.' એમ બોલીને માતાએ મારા હાથમાંથી તલવાર ઝુંટવી લીધી અને મારા પગમાં પડીને કરગરવા લાગી કે–તારે છેવટે મારી આટલી વાત તો માન્ય રાખવી જ પડશે. મેં મોહવશ માતાની શરમમાં આવી માતાની વાતમાં સંમતિ આપી દીધી.

આનું નામ ભવિતવ્યતા બળવાન.

મેં લોટના કુકડાનો વધ કરવામાં સંમતિ આપી તેથી મારી માતા રાજીની રેડ થઈ ગઈ તુરત જ હર્ષાવેશમાં આવી માતાએ લોટનો સુંદર કુકડો બનાવવાની આજ્ઞા આપી દીધી. આજ્ઞા મુજબ કુકડો તૈયાર થઇને આવી ગયો.

પછી મારી માતા મને અને લોટના કુકડાને સાથે લઈ ને કુલદેવીના મંદિરે આવી. દેવી આગળ કુકડો મૂકયો. પછી માતાએ મને કહ્યું કે, 'હે પુત્ર ! તું હવે મ્યાનમાંથી તલવાર કાઢ.' મેં સ્હેજ સ્મિત કરતાં તલવાર કાઢી. પછી માતાએ કુલદેવીને ઉદ્દેશીને કહ્યું કે–'હે ભગવતિ ! આ મારો પુત્ર અહિંસાના વ્રતવાળો હોવાથી તારી આગળ આ લોટનો કુકડો તને ભોગ આપવા લાવ્યા છીએ. આ ભોગથી તું પ્રસન્ન થઈ મારા પુત્રને આવેલ ખરાબ સ્વપ્નના અશુભ ફળનો નાશ કરજે. અને શરીરનું કુશળ કરજે.' પછી માતાએ મને આદેશ કર્યો કે–તું હવે આ કુકડાનો વધ કર. મેં કુકડાનો તલવારથી વધ કરી કુલદેવીની પૂજા કરી. પછી રાજમહેલમાં હું અને મારી માતા પાછા આવ્યાં. માતાએ સિદ્ધનામના રસોયાને કહ્યું કે આ કુકડાના માંસને તું પકાવ. જેથી મારો પુત્ર કુલદેવતાની શેષને ખાવા પામે.

મેં માતાને કહ્યું-હવે માંસની શેષથી સર્યું. મારે માંસ ન ખપે.

**માંસાહાર કરનારનું તપ, જપ, વ્રત, નિયમ. મંત્રો અને વિદ્યાઓ બધું જ નિષ્ફળ જાય છે. ખાધેલું ઝેર તો એક જ વાર મારે જ્યારે ખાધેલું**

**માંસ તો અનેક જન્મો સુધી મારે.** માંસાહાર કરનાર દુર્ગતિમાં જાય છે અને માંસાહારનો ત્યાગ કરનાર સદ્ગતિમાં જાય છે.

માતાએ મને કહ્યું– તારો વિચાર તારી પાસે રાખ અને મારું કહ્યું કર. વળી આ સાચું માંસ કયાં છે? આ તો કલ્પિત માંસ છે. માતાના અતિઆગ્રહથી મેં કુકડાના માંસની શેષ ખાધી તેથી મેં **સાનુબંધ અશુભકર્મ** બાંધ્યું. (જે કર્મની અનેક જન્મો સુધી પરંપરા ચાલે તેવા કર્મને સાનુબંધ કર્મ કહેવાય.)

આ બધી વિધિ પતી ગયા પછી મેં બીજા દિવસે ગુણધરકુમારનો રાજ્યાભિષેક કર્યો અને દીક્ષા લેવાની તૈયારી જ્યાં કરૂં છું ત્યાં મારી રાણી નયનાવલીએ મને કહ્યું કે, 'હે સ્વામિનાથ! એક દિવસ આપણે પુત્રના રાજ્યસુખનો અનુભવ કરીને આવતી કાલે સવારે આપણે બંને સાથે દીક્ષા લઈશું. માટે આજને આજ દીક્ષા લેવાની ઉતાવળ ન કરો.'

મને નયનાવલીની દીક્ષાની વાત સાંભળી આશ્ચર્ય થયું. કયાં તેણીનું વ્યભિચારી જીવન અને કયાં દીક્ષાની વાત? આ બે વાતનો મેળ પડતો નથી. સ્ત્રી ચરિત્રનો પાર બ્રહ્મા પણ પામી શકતો નથી.

નયનાવલી માયાનું મંદિર હતી. તેથી તેણીએ મનમાં વિચાર કર્યો કે મારા પતિ દીક્ષા લેશે અને જો હું તેમની સાથે દીક્ષા નહિ લઉં તો મારી લોકોમાં અપકીર્તિ થશે.

માટે જો હું તેમને મારી નાખું તો ટાઢા પાણીએ ખસ જાય. આ પ્રમાણે નયનાવલીએ મને ભોજનમાં ઝેર આપી આજને આજ ખતમ કરવાનો વિચાર કર્યો. ભોજનવેળા થઈ એટલે હું ભોજન કરવા બેઠો. જાતજાતની અને ભાત-ભાતની ચીજો મારા ભોજનના થાળમાં પીરસવામાં આવી. નયનાવલી તાલપુટ ઝેરથી મિશ્રિત યોગવટક નામનું ચૂર્ણ લઈને ભોજનાલયમાં આવી મારી સાથે એક જ થાળમાં ભોજન કરવા બેઠી. ભોજનનો જ્યારે છેલ્લો કોળીયો બાકી હતો તે વખતે મારી નજર ચૂકવી ચાલાકીથી તે છેલ્લા કોળીયામાં પેલું તાલપુટ ઝેરથી મિશ્રિત પાચનચૂર્ણ ભેળવી દીધું. અજાણ એવો હું તે ખાઈ ગયો. ભોજન કરીને ઊઠીને હું શૌચ જવા ગયો અને પછી મારા વાસભવનમાં ગયો. એટલામાં તો વિષવિકાર મારા શરીરમાં ફેલાયો. મારી નસો ખેંચાવા લાગી. મારી જીભ બંધ થઈ ગઈ, શરીર શ્યામ પડી ગયું, મોં મ્લાન થઈ ગયું. લોચનનું તેજ ચાલી ગયું. હું કોઈ અકથ્ય વેદનાને અનુભવતો સિંહાસન પરથી પડી ગયો. ત્યાં રહેલા મારા અંગરક્ષકે મને કહ્યું, 'હે સ્વામિ! અચાનક આપને આ શું થયું?' અંગરક્ષક ગભરાઈ ગયો. હું તેને જવાબ આપી શકું એવી સ્થિતિમાં નહોતો. તેથી મહારાજા બોલતા કેમ નથી? તેથી મારી નજીક આવી તેણે તપાસ કરી તો મારા આખા શરીરમાં ઝેર વ્યાપેલું જોયું. તેથી વાસભવનની બહાર ઊભેલા ચોકીદારોને અંગરક્ષકે જોરથી બૂમ મારીને કહ્યું

કે, 'હે દ્વારપાલો ! જલ્દી દોડો અને ઝેરને ઉતારનારા વૈદ્યોને જલ્દી બોલાવી લાવો. મહારાજાના આખા શરીરમાં ઝેર ફેલાઈ ગયું છે અને નિશ્ચેષ્ટ થઈને ભૂમિ પર પડયા છે.'

નયનાવલીને ખબર પડી ગઈ કે વૈદ્યોને બોલાવવા દ્વારપાલો ગયા છે માટે તેઓ આવે તે પહેલાં હું રાજાને યમના ધામમાં પહોંચાડી દઉં. એમ વિચાર કરીને રોતી રોતી અને ડચકાં લેતી દંભી નયનાવલી દોડતી આવીને એકદમ મારા પર પડી અને તેનો આખો ચોટલો મારા ગળા ઉપર ફેલાવી દીધો અને કોઈ ન જાણે તે રીતે તેણે નિર્દયતાપૂર્વક મારા ગળામાં જોરથી અંગૂઠો દબાવીને મારા પ્રાણ પરલોકમાં પહોંચાડી દીધા. મરતાં મને શુભધ્યાન ન રહ્યું. તેથી આર્ત્તધ્યાનથી મરીને શિલિન્ધ્ર નામના પર્વત ઉપર મોરલીની કુક્ષીમાં મોર તરીકે ઉત્પન્ન થયો.

દીક્ષા દીક્ષાના ઠેકાણે રહી ગઈ અને પંખીના ભવમાં ભટકાઈ પડયો. 'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ' તે આનું નામ.

હવે આગળ મારી કરૂણ કથની સાંભળો. મારો મોર તરીકે જન્મ થયો. ત્યાં અચાનક એક યુવાન પારધી ત્યાં આવ્યો. અને મારી માતા મોરલીને મારી નાંખી અને મને ઉપાડીને ચાલ્યો. અને તેણે પૈસાના લોભથી એક ગામના તલાટીને ત્યાં મને વેચ્યો. હજુ તો મને પાંખો નથી આવી એવી અવસ્થામાં ઠંડી–ગરમી અને ભૂખ–તરસની વેદનાઓ ભોગવતો હું કૃમિઓને (કીડાઓને) ખાવા લાગ્યો, કૃમિઓના આહારથી મારા શરીરને પોષતો હું

મોટો થયો અને મને સુંદર રંગબેરંગી પીછાં ઊગ્યાં. મારા માલિકે મને નાચવાની કળા શીખવાડી. પછી મને મારા પુત્ર ગુણધર રાજાને ભેટ તરીકે આપ્યો. ગુણધર જે મારો ગત જન્મનો પુત્ર છે તેના ત્યાં હું રહેવા લાગ્યો.

મારા મૃત્યુ બાદ મારા વિયોગથી અત્યંત દુઃખી થયેલી મારા માતા યશોધરા પણ આર્ત્તધ્યાનથી મરીને કુતરીના પેટે કુતરા તરીકે ઉત્પન્ન થઈ. આ કુતરો પવન જેવી ગતિવાળો હોવાથી તેના માલિકે ગુણધર રાજાને ઉપહાર (ભેટ) તરીકે આપ્યો. તેથી હું અને કુતરો એક જ જગ્યાએ આવ્યા. રાજા અમારા બંનેનું સારી રીતે લાલન-પાલન કરે છે. એકવાર હું ફરતો ફરતો મહેલના ઉપરના ભાગમાં ગયો. ત્યાં બારીના બાકોરામાંથી મેં જોયું તો ચિત્રશાલામાં પેલા કુબડા સાથે શયનખંડમાં નયનાવલી કામક્રિડા કરતી હતી. નયનાવલીને જોઈને મને પૂર્વજન્મનું જ્ઞાન ઉત્પન્ન થયું.

કર્મવશ મને નયનાવલી પર ક્રોધ ઉત્પન્ન થયો. તેથી હું મારી તીક્ષ્ણ ચાંચથી અને પગના નખથી નયનાવલીના શરીર પર પ્રહાર કરવા લાગ્યો. તેથી તેણીએ મને ત્યાં પાસે પડેલો લોઢાનો લખોટો જોરથી માર્યો તેથી હું ઘાયલ થઈને પડતો પડતો મહેલના ભોંયતળીયે આવ્યો. ત્યાં ગુણધર રાજા જુગાર ખેલતો હતો. તેણે મને જોઈને દયા આવવાથી બૂમ પાડી કે આ મોરને જલ્દી પકડી લો. તેથી રાણીનો પરિવાર ત્યાં આવ્યો.

પણ એટલામાં મારી માતાનો જીવ કુતરો ત્યાં આવી ચઢયો અને તેણે મને પકડયો. ત્યાં રાજા ગુણધરે ઊઠીને કુતરાને એવો જોરથી ફટકાર્યો કે કુતરાએ લોહીવમતા એવા મને છોડી દીધો.

કંઠે પ્રાણ આવી ગયા છે એવો હું અને કુતરો બંને જમીન પર ઢળી પડયા અને અમારા બંનેના પ્રાણ પરલોકમાં પ્રયાણ કરી ગયા. પછી અમારા બંનેના મૃત શરીરોનો અગ્નિસંસ્કાર રાજાએ સત્કારપૂર્વક કર્યો.

હું મોરના ભવમાંથી આર્ત્તધ્યાનથી મરીને દુષ્પ્રવેશ નામના વનમાં નોળીયા તરીકે જન્મ્યો. જનમતાં જ મારી માતાના સ્તનમાંથી દૂધ ખૂટી ગયું તેથી હું ભૂખથી ખૂબ જ પીડાતો, ગોખરૂના કાંટા વગેરે ખાઈને જેમતેમ મોટો થયો. આ બાજુ માતાનો જીવ કુતરો પણ આર્ત્તધ્યાનથી મરીને આ જ વનમાં સાપ તરીકે ઉત્પન્ન થયો.

એકવાર મા–દીકરાએ કરેલી લોટના કુકડાની હિંસા પણ કેવાં ભયંકર દુઃખો આપે છે તે અહીં જોવા મળે છે.

વનમાં હું નોળીયો અને મારી માતાનો જીવ સાપ બંને ક્રમશઃ મોટા થયા. એકવાર મેં તે સાપને દેડકો ખાતો જોયો. ભૂખથી પીડાતા એવા મેં તે સાપને પૂંછડીથી પકડયો. સાપે મને ક્રોધમાં આવી મારા મોંઢા પર ડંખ માર્યો. તેથી હું વધુ છંછેડાયો. તેથી હું તેને ખાવા લાગ્યો. તે મને વારંવાર ડસવા લાગ્યો. આમ અમારૂં—એક

વખતના મા-દીકરાનું—ખુનખાર યુદ્ધ ચાલ્યું. છેવટે અમે બંનેએ લોહીલુહાણ થઈને પ્રાણ છોડયા.

હિંસામાંથી હિંસકભવોની પ્રાપ્તિ થાય છે. જો અહીં હિંસાને વ્હાલી કરી તો કર્મસત્તા સુરેન્દ્રદત્ત રાજા અને તેની માતા યશોધરાની જેમ હિંસકભવોમાં ફેંકી દેશે.

નોળીયાના ભવમાં રીબાઈ રીબાઈને મરીને હું એક માછલીના ગર્ભમાં રોહિત નામના મત્સ્ય તરીકે ઉત્પન્ન થયો. પેલો સાપ મરીને સુંસુમાર નામનો હિંસક જળચર પ્રાણી થયો. ક્રમશઃ અમારો જન્મ થયો અને મોટા થયા. એકવાર હું ફરતો ફરતો જ્યાં પેલો સુંસુમાર હતો ત્યાં આવ્યો. સુંસુમારે મને જોઈ લીધો અને પૂંછડેથી મને પકડયો. એટલામાં જલાશયમાં સ્નાન કરવા ત્યાં રાણીની દાસી આવી. મને બચાવવા તે મિલાતિકા નામની દાસીએ જલાશયમાં ઝંપાપાત કર્યો. દાસીને જોઈને પેલા સુંસુમારે મને છોડીને દાસીને પકડી. પછી હું તો ગભરાઈને ત્યાંથી જલ્દીથી પલાયન થઈ ગયો. પેલી દાસીએ 'બચાવો બચાવો'ની બૂમો મારી. તેથી જલાશયની આસપાસ રહેલા માછીમારો ત્યાં દોડી આવ્યા અને દાસીને બચાવી લીધી. પેલા સુંસુમારને માછીમારોએ પકડીને મારી નાંખ્યો.

વચ્ચે થોડોક સમય પસાર થયા પછી માછીમારોએ જાળ નાખીને મને જીવતો પકડયો. પછી માછીમારોએ વિચાર કર્યો કે—આ વિશિષ્ટ પ્રકારનો 'મહામત્સ્ય' છે તેથી જો આપણે ગુણધરરાજાને ભેટ આપીશું તો મોટું

ઈનામ મળશે—એમ માનીને ગુણધર રાજાને તે મહામત્સ્ય ભેટ ધર્યો. રાજાએ ખુશ થઈને માછીમારોને ઈનામ આપી ખુશ કર્યાં.

જુઓ ! કર્મની વિચિત્રતા !

બાપ પુત્રરાજાના ત્યાં મત્સ્ય તરીકે આવ્યો. ગુણધર રાજા આ મહામત્સ્યને લઈને પોતાની માતા નયનાવલી પાસે ગયો. અને પોતાની માતાને રાજાએ કહ્યું કે, 'હે માતા ! તું આ રોહિત નામના મહામત્સ્યનો પૂંછડાનો ભાગ છે તેને મારા પિતા અને મારી દાદીના શ્રયાર્થે રાંધ અને તેનું માંસ બ્રાહ્મણોને ખાવા આપ. અને તેનો ઉપરનો ભાગ તારા અને મારા માટે રાંધ.'

ઉપર મુજબ ગુણધર રાજાની વાત સાંભળતાં અને નયનાવલીને જોતાં જ મને જાતિસ્મરણ (પૂર્વભવોનું જ્ઞાન) ઉત્પન્ન થયું.

આ બાજુ ગુણધર રાજાના કહેવાથી નયનાવલીએ મારી જે દુર્દશા કરી તે સાંભળો. મારા અંગોપાંગ કાપી કાપીને તેને તળીને જ્યારે મારા પ્રાણ ગયા ત્યારે જ મારો પલ્લો છોડયો. પછી મારા માંસથી રાજાએ, નયનાવલીએ અને બ્રાહ્મણોએ મજેથી ઉજાણી ઉજવી.

પિતાને મારી તેના માંસથી પુત્રે અને પત્નીએ માંસના ભોજનની મજા ઉડાવી તે આ અસાર સંસારની વિચિત્રતા નહિ તો બીજું શું ?

હવે આગળ મારી અને મારી માતા યશોધરાની કરૂણ કહાણી સાંભળો—

પેલો સુંસુમાર (શિશુમાર) મરીને વિશાલા નામની નગરીમાં એક આદમીના ઘેર બોકડી હતી તેના ગર્ભમાં બોકડા તરીકે ઉત્પન્ન થયો. ક્રમશઃ જન્મ્યો અને યૌવન-વયમાં આવ્યો. અવિવેકી એવો બોકડો કામવાસનાને પરવશ પડેલો પોતાની માતા જે બોકડી છે તેની સાથે સંભોગ કરવા લાગ્યો. આ ખરાબ દૃશ્ય તેના માલિકે જોઈ લીધું તેથી આ બોકડા ઉપર અત્યંત ગુસ્સો ચઢયો અને તેને મર્મસ્થાનમાં એવો માર્યો કે તુરત તેના પ્રાણ પરલોકમાં પ્રયાણ કરી ગયા.

બોકડો મરીને પુનઃ તે જ બોકડીના ગર્ભમાં ઉત્પન્ન થયો. **મરતાં જ્યાં મતિ ત્યાં ગતિ.** પોતાના વીર્યમાં પોતે જ ઉત્પન્ન થયો.

પ્રસવકાળે બોકડી ધીરે ધીરે રસ્તામાં ચાલતી હતી. ત્યાં શિકાર કરવા ગયેલા ગુણધર રાજાને કોઈ શિકાર હાથમાં આવેલો નહિ તેથી રસ્તામાં આ ગર્ભિણી બોકડી નજરે ચઢી ગઈ અને રાજાએ ધનુષ્ય પર બાણ ચઢાવી તેણીને વીંધી નાંખી. બોકડી તડફડતી નીચે પડી. રાજા ખૂબ ખુશ થયો. પછી બાણથી વીંધાયેલી ગર્ભવતી બોકડી જ્યાં પડી હતી ત્યાં રાજાએ આવીને જોયું કે 'આ તો ગર્ભવતી છે' તેથી તેનું પેટ ચીરીને મને (બોકડાને) બહાર કાઢયો અને રાજાએ અજાપાલકને સોંપ્યો. અન્ય બોકડીનું

સ્તનપાન કરીને હું જીવતો રહ્યો. ક્રમશઃ કુમારવયમાં આવ્યો.

આ બાજુ ગુણધર રાજાએ કુલદેવતાની માન્યતા માનેલી છે કે મારે પંદર પાડાનો કુલદેવીને ભોગ આપવો. તેથી રાજાએ પંદર પાડાઓનો બ્રાહ્મણોના ભોજન માટે દેવીને ભોગ આપવા મોતને ઘાટ ઉતાર્યા. પછી તેના માંસને રંધાવ્યું.

આ બાજુ રાજાએ વિચાર કર્યો કે શાસ્ત્રોમાં બોકડાને પવિત્ર મુખવાળો કહ્યો છે. તેથી રાજાએ મને ત્યાં મંગાવ્યો, મને રસોડાના દરવાજે રાખ્યો. અને મારી પાસે રાંધેલું માંસ સુંઘાડયું. પછી બ્રાહ્મણોએ ખાધું અને હાથ ધોઈને ઊભા થઈને પંક્તિબદ્ધ (લાઈન બંધ) ઊભા રહ્યા. પછી ત્યાં સુંદર સફેદ વસ્ત્રોથી સજ્જ થયેલા અંતઃપુર સાથે ગુણધર રાજા ત્યાં આવ્યો. તેને જોઈને મને પૂર્વજન્મોનું જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી મેં મારા વીતેલા ભવોની પરંપરા જોઈ. ગુણધર રાજાએ આવીને બ્રાહ્મણોના પગમાં પડીને અભિવાદન કર્યું. પછી રાજા સકલપરિવાર સાથે ભોજન કરવા બેઠો. મેં ત્યાં અંતઃપુરની બધી સ્ત્રીઓને જોઈ પણ નયનાવલીને કયાંયે ન જોઈ. તેથી મેં વિચાર કર્યો કે તે અહીં કેમ નહીં આવી હોય ? એટલામાં એક દાસી બોલી કે—આજે અહીં ભયંકર દુર્ગંધ કયાંથી આવે છે ? બીજી દાસીએ કહ્યું કે—આ અસહ્ય દુર્ગંધ તો નયનાવલીના શરીરમાંથી આવે છે. કેમકે તેણીએ રસલંપટ બનીને માછલાનું

ખૂબ માંસ ખાધું હતું. તેથી તેણીને ભયંકર અજીર્ણ થયું અને તેમાંથી તેણીને ભયંકર કોઢ રોગ થયો છે. આખા યે શરીરમાં તેને કીડા પડી ગયા છે. આખા યે શરીરમાં ચાંદા પડી જવાથી તેમાંથી દુર્ગંધ મારતી રસી નીકળી રહી છે તેની આ દુર્ગંધ આવે છે.

પહેલી દાસીએ કહ્યું કે, 'હે સખિ! આ મત્સ્યના આહારનો જ માત્ર દોષ નથી, પરંતુ તે કુલટાએ આપણા મહારાજાને ઝેર આપીને મારી નાંખ્યા તેની આ સજા છે.' અતિઉગ્ર પાપ તત્કાળ ફળ આપે છે તેથી આવી ભયંકર પાપીણી પતિમારક નયનાવલીની સેવાથી સર્યું. બંને દાસીઓ ત્યાંથી ચાલી ગયા પછી મેં (બોકડાએ) નયનાવલીને જોવા માટે આસપાસ બરાબર જોયું તો નયનાવલીને એક ખૂણામાં બેઠેલી જોઈ. સેંકડો માખીઓ તેના શરીર પર ભમતી હતી, તેણીની આંખો ઊંડી ઉતરી ગયેલી અને નિસ્તેજ હતી. આવી દુઃખી અને શોકાતુર નયનાવલીને જોઈને હું વિચારવા લાગ્યો કે કયાં પહેલાનું તેનું સ્વર્ગની અપ્સરાઓને પણ શરમાવે તેવું રૂપ અને આજે સામું જોવું પણ ન ગમે તેવું રૂપ? પહેલા તેણીએ પોતાના મુખ વડે પૂર્ણિમાના ચાંદની શોભાને પણ જીતી લીધી હતી, પોતાના રક્ત ચરણોથી કમળોને નીચું જોવું પડતું હતું. અને આજે તેણીના હાથપગની આંગળીઓ ગળી ગઈ છે. ચંદ્રમા જેવા મુખની ભયંકર દુર્દશા થઈ છે. પહેલા હું તેનું રંભા જેવું રૂપ જોઈને તેના પર મુગ્ધ બની જતો હતો જ્યારે આજે તેણીનું રૂપ જોતાં મને ભારે ઉદ્વેગ થાય છે.

પહેલાં આ નયનાવલીએ પોતાના કેશ, અધર અને નયનોથી ક્રમશઃ ભમરોને, ચણોઠીને અને હરણોને જીતી લીધાં હતાં અને તીવ્રતપસ્વી મુનિઓના ચિત્તનું પણ હરણ કરે તેવું તેનું રૂપ હતું. જ્યારે આજે તેનું રૂપ વૈરાગ્ય ઉત્પન્ન કરે છે.

આવું ચિંતન જાતિસ્મરણના પ્રભાવે હું કરતો હતો ત્યાં રાજાએ રસોયાને બોલાવીને કહ્યું કે–મને આ પાડાનું માંસ ભાવતું નથી માટે બીજું માંસ જલ્દી લાવ. રસોયાએ વિચાર કર્યો કે જો હું માંસ લાવવામાં વિલંબ કરીશ, તો રાજા મને સજા કરશે. સજાના ભયથી રસોયાએ બાજુમાં રહેલા એવા મારા શરીરના એક ભાગને છરીથી કાપીને તેમાંથી માંસ કાઢી રાંધીને શીઘ્ર રાજાને આપ્યું. આ માંસ 'મારા પિતાને પહોંચે' એવું બોલીને મારું માંસ પ્રથમ બ્રાહ્મણોને આપ્યું, પછી થોડુંક માંસ નયનાવલીને મોકલાવ્યું અને બાકીનું વધેલું પોતે ખાધું.

હવે જે મારી માતા યશોધરાનો જીવ જે ગર્ભવતી બોકડી હતી તેણી રાજાના બાણથી વીંધાઈ ને મરીને કલિંગ-દેશના ભેંસની કુક્ષીમાં પાડા તરીકે ઉત્પન્ન થઈ. ક્રમશઃ તેનો જન્મ થયો. અને પાડો મોટો થયો. તેનો માલિક તેની પાસે ખૂબ ભાર ભરેલાં ગાડાં ખેંચાવે છે. એકવાર તેનો માલિક તેને વિશાલા નામની નગરીમાં લઈ ગયો.

એકવાર ત્યાં સિપ્રા નામની નદીમાં જલપાન અને સ્નાન કરવા આવેલા રાજાના ઘોડાને આ પાડાએ મારી નાંખ્યો.

ઘોડાને પાણી પાવા અને સ્નાન કરાવવા લાવેલા રાજાના નોકરોએ જઈને રાજાને ઘોડાના મૃત્યુની વાત કરી. તેથી રાજાને પેલા પાડા પર અત્યંત ક્રોધ ચઢવાથી નોકરોને કહ્યું કે તે દુષ્ટ પાડાને પકડીને તમે અહીં મારી પાસે જલ્દી લાવો. રાજાના હુકમથી નોકરો તુરત તે પાડાને લોખંડની સાંકળોથી મજબૂત બાંધીને મારતા મારતા લઈ આવ્યા. પાડાને જોઈને રાજાની આંખો લાલપીળી થઈ ગઈ. તેથી રાજાએ પોતાના ઘોડાને મારનાર પાડાને ભયંકર સજા કરવા માટે રસોયાને બોલાવી કહ્યું કે તું આ દુષ્ટ અને દુરાચારી પાડાને જીવતોને જીવતો અગ્નિ સળગાવીને સેકી નાંખ.

રાજાની આજ્ઞા થતાં રસોયાએ પાડાના ચારે પગ લોખંડની સાંકળોથી બાંધીને તેની આસપાસ ખેરના લાકડાઓનો મોટો અગ્નિ સળગાવ્યો. તેથી પાડાના હોઠ, કંઠ, તાલુ તૃષાથી સુકાઈ ગયા. જેમ જેમ પાડાનું શરીરનું માંસ પકાતું જાય છે તેમ તેમ તેનાં આખા શરીર પર મીઠાનું પાણી રેડવામાં આવે છે. તેથી તેનાં આખા યે શરીરમાં ભયંકર બળતરા થવા માંડી. જેમ જેમ તેનું માંસ પાકીને તૈયાર થતું ગયું તેમ તેમ તેને કાપીને રાજાના રસોયાને તે રાંધવા મોકલવામાં આવે છે. રસોયાએ તે માંસને ઘીથી તળીને તેમાં લવણ, હીંગ, જીરૂ, હળદળ નાંખીને માંસનો સંસ્કાર કરીને રાજા આગળ મોકલ્યું. પણ રાજાને તે માંસ રૂચ્યું નહિ. તેથી રાજાને પીરસનારો

રસોયાને આવીને કહે છે કે તું હમણુંને હમણું વિજાતીય પશુનું માંસ રાંધીને મહારાજા પાસે મોકલ. તેથી બાજુમાં જીવતા ઊભેલા મને જોઈને રસોયાએ આવી મારા શરીરના બચેલા ભાગ પર તીક્ષ્ણ છરીનો ઘા મારી મારૂં માંસ કાપી લીધું.

અસહ્ય વેદના ભોગવી મેં મારા પ્રાણ છોડયા. પેલા પાડાએ (મારી માતા યશોધરાના જીવે) પણ અસહ્ય અગ્નિની અને જીવતાને જીવતા કપાવાની ઘોર પીડા ભોગવીને તેણે પણ મારી સાથે જ પ્રાણ છોડયા. અમે બંને (મા–દીકરો) મરીને કુકડીના ગર્ભમાં ઉત્પન્ન થયા. જ્યાં પ્રસૂતીનો સમય આવ્યો ત્યારે અમારી માતા કુકડીને એક બિલાડીના બચ્ચાએ મારી નાંખી અને અમે સદ્ભાગ્યે બચી ગયા અને ઈંડા તરીકે કચરાના ઢગલા પર પડયા. બિલાડી ત્યાંથી ચાલી ગઈ હતી. તેવામાં એક ચંડાલણી સ્ત્રીએ આવીને અમારા ઉપર કચરો નાંખ્યો. પણ આ કચરો અમારા માટે તો જીવનદાતા બની ગયો. તેની ઉષ્માથી અમે જીવતા રહ્યા. પછી ઈંડાં ફુટયાં. અમે બંને બહાર નીકળ્યા. એવામાં ત્યાં એક ચંડાળના છોકરાએ આવીને અમને પકડી લીધા. તેણે અમારૂં પાલન કર્યું.

ધીરે ધીરે અમને સુંદર પીંછાં ઉગ્યાં, પોપટના મોંઢાના રંગ જેવી ચૂડા (કલગી) ઊગી અને ગરૂડની ચાંચ જેવી ચાંચ ઉત્પન્ન થઈ. એકવાર અમે બંને ચંડાળના ઘરની આસપાસ ફરતાં હતાં. એવામાં ત્યાં આવેલા નગરના કોટવાળે (ચોકીદારે) અમને જોયા. જોઈને

કોટવાળે વિચાર કર્યો કે આ બે કુકડા બહુ જ દેખાવડા અને ચાલાક છે તેથી રાજાને રમાડવા કામ લાગે તેવા છે એમ સમજી અમને પકડીને ગુણધર રાજાની પાસે લઈ ગયો. અમને બંનેને જોઈને રાજા ખૂબ ખુશ થયો. પછી રાજાએ અમને બંનેને સંભાળવા આ કોટવાળને જ સુપ્રત કર્યા. અને રાજાએ કોટવાળને કહ્યું કે–હું જ્યાં જ્યાં જાઉં ત્યાં ત્યાં તારે આ બે કુકડાઓને સાથે લાવવા. કોટવાળે કહ્યું– સારૂં, જેવી મહારાજાની આજ્ઞા.

હવે એકવાર રાજા સકલઅંતઃપુરની સાથે વસંતક્રિડા કરવા કુસુમાકર નામના ઉદ્યાનમાં ગયો. નગરરક્ષક પણ અમને બંને કુકડાઓને લઈને ઉદ્યાનમાં આવ્યો. રાજા–રાણી તો સીધા ગયાં કેલિગૃહમાં.

આ ઉદ્યાનમાં સ્વશિષ્યગણથી પરિવરેલા ત્રિકાળજ્ઞાની ભગવાન શશિપ્રભ નામના આચાંર્ય મહારાજ પધારેલા હતા. કોટવાલે આચાર્ય ભગવંતને જોયા અને હૈયાના ભાવ વિના દેખાવ પૂરતું વંદન કર્યું. અને તેઓની પાસે તે બેઠો. આચાર્ય ભગવંતે રાજાના કોટવાલને ધર્મલાભનો આશિર્વાદ આપ્યો.

કોટવાળે આચાર્ય ભગવાનને પ્રશ્ન કર્યો કે, 'આપનો ધર્મ કેવો છે ?' આચાર્ય ભગવંતે કહ્યું, 'હે સૌમ્ય! સકલ સત્ત્વસાધારણ એક જ ધર્મ છે. માત્ર મૂઢ માનવી તેમાં ભેદની કલ્પના કરે છે. મન, વચન, કાયાથી કોઈપણ જીવની હિંસા ન કરવી, જુઠનો ત્યાગ કરવો, ઘાસના તણખલાને પણ માલિકની રજા વગર લેવું નહિ, મન–વચન–કાયાથી

મૈથુનનો ત્યાગ કરવો, સોના–ચાંદી–હીરા–માણેક–મોતી આદિ પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો. રાત્રિભોજનનો ત્યાગ કરવો. અને નિર્દોષ આહાર પાણી શાસ્ત્રવિધિથી લઈને ધર્મદેહનું પોષણ કરવું"—આ ધર્મ સનાતન અને સિદ્ધિનું કારણ છે.

પછી રાજાના નગરરક્ષકે આચાર્ય ભગવાનને કહ્યું કે– સાધુધર્મનું અમારે હમણાં કામ નથી તેથી ગૃહસ્થધર્મ સમજાવો. તેથી આચાર્ય ભગવાને પાંચ અનુવ્રતાદિમય શ્રાવકધર્મ સમજાવ્યો. અંગરક્ષકે કહ્યું—હું આ શ્રાવકધર્મનું પાલન કરીશ. પણ અમારા પૂર્વજોથી ચાલી આવતી વેદવિધિથી કરાતી જીવહિંસા નહિ છાડું. આચાર્ય ભગવાને કહ્યું જો તું જીવહિંસા નહિ છોડે તો આ બે કુકડાઓની માફક આ સંસારચક્રમાં તું ઘણું દુઃખ પામીશ. પાસે બેઠેલા કોટવાળે આચાર્ય ભગવાનને કહ્યું કે– આ બે કુકડાઓએ એવું શું કરેલું કે અનેક ભવોમાં ભટકી અનર્થનું ભાજન બન્યા ?

આચાર્ય ભગવાને કહ્યું–હે ભાગ્યવાન્ ! આ બે કુકડા છે એ જ તારા રાજા ગુણધરના પિતા અને તેની દાદી યશોધરા છે. તારા રાજાના પિતા સુરેન્દ્રદત્ત રાજાને ખરાબ સ્વપ્ન આવેલું તેનું નિવારણ કરવા ગુણધર રાજાની દાદી યશોધરાએ તેના પુત્ર સુરેન્દ્રદત્તને લોટના કુકડાનો વધ કરી કુલદેવીને પ્રસન્ન કરવા કહેલું. લોટના કુકડાના વધથી તારા રાજાના પિતાએ અને દાદીએ અનેક ખરાબ ભવોમાં ભટકાવનારૂં સાનુબંધ કર્મ બાંધેલું. તે કર્મના ઉદયથી તારા રાજાના પિતા અને દાદી મોર અને કુતરો થયા, પછી સાપ અને નોળિયો થયા, માછલો અને સુંસુમાર

થયા, બોકડો અને બોકડી થયા. પાડો અને બોકડો અને ત્યાંથી મરીને આ બંને કુકડા થયા છે.

આ જીવવધનું પરિણામ (ફળ) છે. આચાર્ય ભગવાને દરેક ભવમાં કેવું કેવું દુઃખ આ બે કુકડાઓ પામ્યા તેનું વિસ્તારથી વર્ણન ત્રિકાળજ્ઞાની આચાર્ય ભગવંતે કોટવાળ આગળ કર્યું. તેથી કોટવાળનો આ બે કુકડાઓની કરૂણકથા સાંભળીને ખૂબ જ વૈરાગ્ય વધી ગયો અને આચાર્ય ભગવંતને કહ્યું કે-હે પ્રભો! હવેથી હું વેદવિહિત જીવહિંસાનો પણ ત્યાગ કરૂં છું અને આપ આપ મને ગૃહસ્થ ઉચિત વ્રતો આપો. આચાર્ય ભગવાને તેને તીર્થંકર ભગવાને કહેલી વિધિથી **તેને સંસાર-સાગર તરવા જહાજ સમાન એવો—પ્રથમ નવકાર મંત્ર આપી** શ્રાવકનાં વ્રતો આપ્યાં. આ કોટવાળની પાસે બેઠેલા પેલા બે કુકડાઓને પોતાનું ચરિત્ર સાંભળતાં સાંભળતાં જાતીસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પ્રતિબોધ પામ્યા.

વસંતોત્સવ માટે આવેલો રાજા ઉદ્યાનમાં ખાસ બનાવેલા લતામંડપમાં પોતાની રાણી જયાવલી સાથે રતિક્રિડા કરતો હતો ત્યાં પેલા બે કુકડાઓ ધર્મ પામ્યાના આનંદમાં કુકડે...કુક કરીને કુજ્યા (બોલ્યા). કુકડાઓનો અવાજ સાંભળી મિથ્યાભિમાની રાજાએ પોતાની કળા રાણીને બતાવવા કહ્યું કે—હે સુંદરી! તું મારી શબ્દ-વેધિત્વની કળાને જરા જો. એમ કહીને પાસે પડેલા બાણને ધનુષ્ય પર ચઢાવીને જે તરફથી કુકડાઓનો અવાજ આવતો હતો તે તરફ તાકીને બાણ છોડયું. તે બાણના

પ્રહારથી પેલા બે કુકડાઓ વીંધાઈને જમીન પર ઢળી પડયા અને શુભધ્યાનમાં મરીને રાજાની રાણી જયાવલીની કુક્ષીમાં ઉત્પન્ન થયા.

**જુઓ કર્મની લીલા.** બાપ–બેટો અને દાદી–પુત્રી બને છે. આ છે સાંસારિક સંબંધોની વિચિત્રતા અને અસ્થિરતા.

ગર્ભ ત્રણ મહિનાનો થયો એટલે જયાવલી રાણીને જીવોને અભયદાન આપવાનો દોહદ (મનોરથ) થયો. તેથી રાજાએ રાણીનો દોહદ પૂર્ણ કર્યો. ક્રમશઃ નવ માસ પૂર્ણ થતાં હું પુત્ર તરીકે અને મારી માતા પુત્રી તરીકે જન્મી.

અભયદાન દેવાનો માતાને દોહદ થયેલો તેથી મારૂં નામ અભયરુચિ અને મારી પૂર્વભવની માતાનું નામ અભયમતિ પાડયું.

ક્રમશઃ અમે ભાઈ–બહેન મોટા થયા અને કલાઓ શીખ્યા.

મારી બેન અભયમતિને યૌવનવયમાં આવેલી જાણીને તેનો વિવાહ કરવાનો અને મને યુવરાજને રાજનો અભિષેક કરવાનો મારા પિતાએ વિચાર કર્યો.

એકવાર મારા પિતા ગુણધરરાજા શિકાર કરવા વિશાલા નગરીની બહાર ગયેલા. ત્યાં એક ઉદ્યાનમાં ધ્યાનમાં બેઠેલા સુદત્ત નામના મુનિવર્યને જોયા. પણ કમનસીબ અને મિથ્યાત્વી રાજાને મુનિવર્યને જોઈને આનંદ થવાને બદલે દ્વેષ થયો. રાજાએ વિચાર કર્યો કે હું જ્યારે શિકાર

માટે જઈ રહ્યો છું ત્યાં આ મુનિએ મને અપશુકન કરાવ્યા. તેથી મારે તેને સખ્ત સજા કરવી જોઈએ.

મંગલકારી વસ્તુને પણ જે અમંગલકારી તરીકે માને તેનું મંગલ કદી યે ન થાય.

રાજાએ મુનિ પર શિકારી કુતરા છોડયા. પવનની ગતિએ તે કુતરાઓ મુનિ તરફ ધસ્યા, પણ જ્યાં મુનિની પાસે ગયા તો મુનિના તપના તેજને સહન ન કરી શકયા. તેથી કુતરાઓ પ્રભાવહીન બની જઈને મુનિના તપના પ્રભાવથી તે મુનિને પ્રદક્ષિણા દઈને ધરણી પર માથું ઢાળીને મુનિના પગમાં પડયા.

આ દશ્ય જોઈને રાજા આશ્ચર્યમાં પડી ગયો. અને વિચાર કર્યો કે આ કોઈ મહાન તપસ્વી ત્યાગી યોગી મહાત્મા લાગે છે. કેમકે જ્યારે હિંસક શિકારી કુતરાઓએ પણ હિંસકભાવ છોડીને જ્યારે આ મહાત્માની સેવામાં લાગી ગયા તો હું તો તેથી પણ નીચ કે આવા સંસાર-ત્યાગી મહાતપસ્વી મહાત્માનું અહિત (મારવાનું) ચિંતવ્યું ? આમ જ્યાં રાજા પોતાના પાપનો પશ્ચાતાપ કરતો ઊભો છે ત્યાં વિશાલા નગરીમાંથી રાજાનો પ્રધાન અને રાજાનો બાળમિત્ર અર્હદ્દત્ત નામના શેઠનો પુત્ર ત્યાં મુનિને વંદન કરવા આવ્યા.

તેઓને ખબર પડી ગઈ કે– આ રાજાએ મુનિને ઉપસર્ગ કર્યા છે. તેથી રાજાની શાન ઠેકાણે લાવવા બાલમિત્રે રાજાને કહ્યું—હે દેવ ! તમે આ શું નાટક આદર્યું

છે ? રાજાએ કહ્યું– પુરૂષકુતરાને ઉચિત આચરણ આચર્યું છે. હું કુતરાથી પણ નીચ પુરૂષકુતરો છું.

બાલમિત્રે કહ્યું– હે મહારાજા ! એવું ન બોલો. તમે તો પુરૂષસિંહ છો. માટે તમે તુરત ઘોડા પરથી ઉતરીને આ સુદત્ત મહામુનિવરને વંદન કરો. આ મહાત્મા પુરૂષનો આપે ઓળખ્યા નથી લાગતા તેથી હું આપને આ મુનિવરની ઓળખાણ આપું છું તે આપ જરા ધ્યાનથી સાંભળો.

—આ મહાત્મા કલિંગ દેશના રાજા અમરદત્તના પુત્રરત્ન સુદત્ત નામના અધિપતિ હતા. અને યૌવનવયમાં તીવ્ર વૈરાગ્ય પામીને રાજ્યનો તૃણની જેમ ત્યાગ કરીને સુધર્મ નામના ધર્માચાર્ય પાસે મુક્તિકન્યાની પ્રિયસખી સમાન પ્રવજ્યાને સ્વીકારીને સ્વ–પરનું કલ્યાણ કરતા અહીં વિહાર કરતા પધાર્યા છે.

રાજાએ ઘોડા પરથી ઉતરી માન મૂકી મુનિવરને ભાવપૂર્વક વંદના કરી. એટલામાં ધ્યાન પૂરું થતાં મુનિવરે ધ્યાન પાર્યું. સામે રાજા વગેરેને જોઈને મુનિવરે ધર્મ-લાભનો આશિર્વાદ આપ્યો. પછી રાજા બે હાથ જોડી મુનિવર પાસે વિનયપૂર્વક બેઠો.

રાજાએ મુનિવરને કહ્યું–હે ભગવન્ ! મેં આપશ્રીનો મહાન અપરાધ કર્યો છે. મેં આપના ઉપર શિકારી કુતરા છોડી મેં સદા માટે સદ્ગતિને તિલાંજલી આપી છે. હું પ્રભો ! મહાપાપી, નીચ, દુષ્ટ, કુતરાથી પણ હલકો માનવ-કુતરો છું. હું ઋષિઘાતક મહાપાપાત્મા છું. તેથી મારે

આ મહાપાપનું પ્રાયશ્ચિત મારું મસ્તક કાપી ને કરવું ઉચિત સમજું છું. હવે હું ઋષિઘાતનું ઘોર પાપ કરી આ દુનિયા પર જીવતો રહેવા એક ક્ષણ પણ સમર્થ નથી. તેથી હે ભગવન્ ! હવે હું અહીંથી ઊઠીને મારા પાપનું પ્રાયશ્ચિત કરવા જાઉં છું. એટલામાં આ સુદત્ત મુનિવરને ચઢતા શુભ પરિણામના પ્રભાવે ત્યાં ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રગટ થયું.

પ્રગટેલા જ્ઞાનના પ્રભાવે મુનિવરે રાજાનો આત્મહત્યા કરવાનો દૃઢ સંકલ્પ જાણ્યો. તેથી રાજાને મુનિવરે કહ્યું–હે રાજન્ ! **આત્મહત્યા કરવી તે કરેલા પાપનું પ્રાયશ્ચિત નથી.**

**આત્મહત્યાનો માર્ગ એ તો અધોગતિમાં જવાનો માર્ગ છે. અજ્ઞાની અને મોહમૂઢ જીવો જ તે આત્મહત્યાનો માર્ગ લે છે.**

**કરેલા પાપને ધોવાનું શ્રેષ્ઠ જળ હોય તો જિનાજ્ઞા છે.**

જિનાજ્ઞા રૂપી જળમાં ડૂબકી મારીને દૃઢપ્રહારી અને ચિલાતીપુત્ર જેવા ઘોર હત્યારાઓ પણ પોતાનો સઘળો પાપમળ ધોઈ પવિત્ર થયા છે. માટે તું જિનાજ્ઞા રૂપી પાણીથી તારો પાપમળ ધો. આત્મહત્યાનો વિચાર માંડી વાળ.

મનઃપર્યવજ્ઞાની મુનિવરના કહેવાથી ગુણધર રાજાએ આત્મહત્યાનો વિચાર માંડી વાળ્યો અને મુનિવરને ગદ્ગદ્સ્વરે અને આંસુભરી આંખો વડે કહ્યું કે–આપ મને મારા પાપનું પ્રાયશ્ચિત ફરમાવો.

**સાચા દિલથી પાપનું પ્રાયશ્ચિત કરવાનું મન થાય તેનું ભવિષ્ય ઉજળું સમજવું. પાપનું પ્રાયશ્ચિત કરવું તે પરમપદનો પૂનિત પંથ છે. કરેલા પાપનું પ્રાયશ્ચિત ન કરવું તે ભવવનમાં ભટકવાનો માર્ગ છે. 'કરેલા પાપનો સ્વીકાર કરવો, કરેલા પાપનો પશ્ચાતાપ કરવો અને પાપનું પ્રાયશ્ચિત કરવું' આજ એક આત્માને પવિત્ર કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે.**

રાજાએ પ્રાયશ્ચિત માગ્યું. તેના જવાબમાં મુનિવર્યે ફરમાવ્યું, 'પ્રતિપક્ષાસેવનમ્' પ્રતિપક્ષનું તું આસેવન કર. પાપને પ્રતિપક્ષ ધર્મ, ક્રોધનો પ્રતિપક્ષ ક્ષમા, અભિમાનનો પ્રતિપક્ષ નમ્રતા, માયાનો પ્રતિપક્ષ સરળતા; લોભનો પ્રતિપક્ષ સંતોષ, હિંસાનો પ્રતિપક્ષ અહિંસા, દ્વેષનો પ્રતિપક્ષ મૈત્રી, રાગનો પ્રતિપક્ષ વિરાગ (વૈરાગ્ય).

હે રાજન્! તને મને જોઈને અપશુકનની ભાવના એટલા માટે થઈ કે આ સાધુ સ્નાન કરતો નથી, માથું મુંડેલું છે, પાખંડી છે, અને પેટ ભરવા ઘેર ઘેર ભીક્ષા માટે ફરનારો છે.

પણ આ તારી માન્યતા અજ્ઞાનતા ભરેલી છે. તેં ગુણકારી પ્રવૃત્તિને દોષકારી સમજી લીધી છે. નહિતર પરમક્ષમાદિ-ગુણોથી યુક્ત, સ્વર્ગના દેવો અને ઇન્દ્રોને પણ જે વંદનીય અને મહામંગલકારી જે શ્રમણપણું તેને અપશુકન કેવી રીતે મનાય?

આવી મહામુનિની મિથ્યાત્વના ઘોર અંધકારનો નાશ કરનારી વેધક વાણી સાંભળીને રાજાનું મિથ્યાત્વનું ભૂત ભાગ્યું અને ગુણધર રાજાના જીવનરૂપી આકાશમાં સમક્તિનો સૂર્ય ઉગ્યો.

રાજાને આ ત્રિકાળજ્ઞાની મહામુનિ પ્રત્યે અત્યંત આદર જન્મ્યો તેથી રાજાએ પોતાના ધર્મદાતા ગુરુ દેવને કહ્યું કે; 'આપે તો નરકના કુવામાં પડતાં એવા મને મારો હાથ ઝાલી ઉગારી લીધો. હે પ્રભો ! મેં આપની ભયંકર આશાતના કરી છે માટે આપ મને ક્ષમા કરજો.'

મહામુનિએ કહ્યું–હે રાજન્ !

**'ક્ષમા પ્રધાના એવ મુનયો ભવન્તિ'**

મેં તને અને સર્વ જીવોને ખમાવ્યા છે. માટે તે બાબતમાં હવે તારે કોઈ વિચાર કરવો નહિ. ભૂતકાળને ભૂલી જઈને હવે ભવિષ્યનો વિચાર કર. કર્મવશ અને ભવિતવ્યતાવશ જે બનવાનું હતું તે બની ગયું.

રાજાએ વિચાર કર્યો કે આ મહાત્મા ત્રિકાળજ્ઞાની છે માટે પૂછું કે મારા પિતા અને મારી દાદી મરીને ક્યાં ગયાં ? ત્રિકાળજ્ઞાની મહામુનિએ રાજાને અથ થી ઇતિ સુધી તેના પિતા સુરેન્દ્રદત્ત અને દાદી યશોધરાની કરૂણ કથા કહી. તે સાંભળીને રાજાને આવા ભયંકર સંસાર પર ભારે નફરત ઉત્પન્ન થઈ, સ્ત્રી કેવી માયાવી અને અવિવેકી હોય છે તેનું ભાન થયું. પાપો પ્રત્યે તિરસ્કાર જન્મ્યો, વિષયસુખ વિષતુલ્ય લાગ્યું, જીવહિંસાની ભયંકરતાનું ભાન થયું, પોતાની પાપમય વિષયાંધ જાત પર ધિક્કાર છૂટ્યો.

તેથી જીવનમાં કરેલાં ભયંકર પાપોથી છૂટવાનો ઉપાય રાજાએ જ્ઞાની ગુરૂદેવ પૂછયો.

ગુરૂદેવે રાજાને પાપોથી છુટવાનો ઉપાય બતાવતાં કહ્યું કે—હે રાજન્ ! તું શુદ્ધ મનથી જૈનધર્મનો સ્વીકાર કર. કરેલા પાપોનો વારંવાર પશ્ચાત્તાપ કર, જિનવચનના જળથી તારા ચિત્તને ચોખ્ખું કર. સર્વ પાપોનો ત્યાગ કરી ચારિત્રનો સ્વીકાર કર. અને મૈત્રી પ્રમોદ કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાથી તારા હૃદયને ભાવિત કર. જેથી નવા પાપ કર્મો બંધાય નહિ અને પૂર્વે બાંધેલા પાપ કર્મોનો ક્ષય થાય. ચારિત્ર લઈને તેનું નિર્મળ પાલન કરવાથી આત્મા આઠ કર્મોથી મુક્ત થઈને અનંતસુખમય મોક્ષને પામે છે. પછી આત્માને કદીએ જન્મ–જરા–મરણ રોગ શોકની પીડાઓ ભોગવવી પડતી નથી.

રાજાએ વિચાર કર્યો કે મારા પિતાએ અને દાદીએ એકમાત્ર લોટના કુકડાની હિંસા દેવીને ભોગ આપવા નિમિત્તે કરી તો પણ અનેક હલકા તિર્યંચના ભવોમાં ભટકી ભયંકર યાતનાઓ પામ્યા તો મેં તો સેંકડો નિર્દોષ પશુઓને રહેંસી નાંખ્યા છે તો મારી શું ગતિ થશે ?—આ વિચારથી રાજા ધ્રુજી ઉઠચો.

જ્ઞાની ગુરૂ મહારાજે રાજાને આશ્વાસન આપતાં કહ્યું કે—તું ગભરાઇશ નહિ, **ચારિત્રના પરિણામ આગળ કોઇપિણ પાપ ટકી શકતું નથી. ચારિત્રનો ભાવ એ પાપરૂપી વિષ માટે પરમ અમૃત સમાન છે. પાપરૂપી પર્વતનો કચ્ચરઘાણ કાઢવા માટે વજ્ર**

**સમાન છે. સર્વસુખોને આપનાર ચિંતામણિરત્ન છે અને મોક્ષના ઉત્તમ ફળને આપનારું સાક્ષાત્ કલ્પવૃક્ષ છે.**

ખાધેલા ઝેરનો તત્કાળ પ્રતિકાર કરવામાં આવે તો પ્રાણી બચી જાય છે. તેમ પાપરૂપી ઝેરનો પ્રતિકાર કરવામાં આવે તો પ્રાણી પાપરહિત થઈને પાવન થાય છે.

અનાદિકાળની પાપવાસનાઓથી વાસિત જીવો પાપો કરે છે પણ જે પુણ્યાત્મા સદ્ગુરુનો સમાગમ પામી પાપને અકર્તવ્ય માની જે શુદ્ધ મનથી પાપોનો ત્યાગ કરી દીક્ષા લઈને તેનું સુંદર પાવન કરે છે તે અસંખ્યેય ભવોના સંચિત ભયંકરમાં ભયંકર પાપોથી પણ મુક્ત થાય છે તો પછી એક ભવના કરેલા પાપો માટે તો શુ કહેવું?

આવી ગુરૂદેવની તત્વભરી વાણી સાંભગીને રાજા એકદમ આનંદથી નાચી ઉઠયો.

પછી રાજાએ ગુરૂદેવને પૂછયું કે—હે ભગવંત! **ચારિત્ર પરિણામ એટલે શું? ગુરૂદેવે કહ્યું—સમ્યગ્ જ્ઞાનપૂર્વક તીવ્રશ્રદ્ધાથી હિંસાદિપાપોનો ત્યાગ કરવો તેને ચારિત્રનો પરિણામ (ભાવ) કહેવાય છે. આ ચારિત્રનો પરિણામ અનુભવસિદ્ધ કર્મ-ક્ષયનો હેતુ છે.**

રાજાએ વિચાર કર્યો કે આવા મહાજ્ઞાની પરમ તપસ્વી મુનિવરના ચરણોની સેવાથી આ ચારિત્ર પરિણામ દુર્લભ નથી. હું ધન્ય છું કે મને આવા મુનિ-પ્રવરના આજે દર્શન થયા. અલ્પપુણ્યવાળાને તો આવા

મહાગુણનિધિનાં દર્શન પણ દુર્લભ છે. તેથી હવે હું આ મહાજ્ઞાની ગુરૂદેવની આજ્ઞા મુજબ જ કરૂં. એમ વિચાર કરીને રાજાએ ગુરૂદેવને પૂછ્યું કે—હે ભગવન્ ! હું ચારિત્ર માટે યોગ્ય છું ખરો ? ગુરૂદેવ કહે–તારા સિવાય બીજો કોણ યોગ્ય છે ?—આ જવાબથી રાજાને અત્યંન આનંદ થયો. પછી રાજાએ દીક્ષાની તૈયારી માટે મતિસાગર આદિ-મંત્રીઓને બોલાવી પોતાનો અભિપ્રાય જણાવ્યો. અને મંત્રીમંડળને કહ્યું કે તમે હમણાંને હમણાં અભિરુચિ રાજકુમારનો રાજ્યાભિષેક કરવાની તૈયારી કરો. મેં અભયરુચિનો રાજ્યાભિષેક કરીને આ મહારાની ગુરૂદેવ પાસે ચારિત્ર લેવાનો દૃઢ નિર્ણય કર્યો છે. આ સમાચાર રાજાના અંત:પુરમાં વાયુવેગે પહોંચી ગયા. તેથી આખું અંતઃપુર કલ્પાંત કરવા લાગ્યું અને પગે ચાલીને અભયરુચિ અને રાજાનું અંતઃપુર અહીં ઉદ્યાનમાં આવી પહોંચ્યું.

રાજાને વૈરાગ્યમાં ડૂબેલો અને ઊંડાતત્ત્વચિંતનમાં મગ્ન સહુએ જોયો. સકલઅંતઃપુરની રાણીઓએ રાજાના પગમાં પડી પ્રાર્થના કરી કે અમને એકાએક નિરાધાર છોડી ચારિત્ર ન લો. અમે આપના વગર અનાથ બની જઇશું. રાજાએ તો અંતઃપુર આગળ પોતાનો લોખંડી નિર્ણય જણાવી દીધો. આ ગુરૂદેવે તો મારી અનાદિકાળની મોહનિદ્રાને દૂર કરીને મને જ્ઞાનદૃષ્ટિ આપી મને દેખતો કર્યો છે. મેં જીવનમાં ઘણાંયે ભયંકર કોટિનાં પાપો કર્યા છે. મારા પિતાએ અને દાદીએ એકમાત્ર લોટના કુકડાનો દેવી નિમિત્તે વધ કર્યો તો કેવું ખતરનાક પરિણામ આવ્યું તે તમે સાંભળશો તો તમને પણ આ પાપમય સંસારમાં એક ક્ષણ પણ રહેવું

ગમશે નહિ. રાજાએ ત્રિકાળજ્ઞાની ગુરૂદેવે પિતા અને દાદીના ભવોનો કરૂણ ચિતાર સકલઅંતઃપુર અને અમારી આગળ રજુ કર્યો. તે સાંભળીને મને અને મારી બેન અભયમતિને ત્યાં જ પૂર્વ જન્મોનું જ્ઞાન પ્રગટ થયું.

અમે બંને ભાઈ બહેને અમારી આંખ સમક્ષ અમારા વિતેલા ભવોની ભયંકરતા જોઈ ને અમને એવી કમકમાટી ઉત્પન્ન થઈ કે અમે બંને બેભાન થઈને જમીન પર ઢળી પડયાં. આ દૃશ્ય જોઈને પાસે ઊભેલી અંતઃપુરની સ્ત્રીઓમાં હાહાકાર મચી ગયો. એકાએક રાજકુમાર અને રાજકુમારીને એકસાથે શું થઈ ગયું કે આમ બેભાન બનીને બંને પડી ગયાં? અમારી આવી અવસ્થા જોઈ અમારી માતા જયાવલી પણ બેભાન થઈ ગઈ.

થોડીક વાર પછી અમે ભાઈ બહેન અને અમારી માતા જયાવલી ભાનમાં આવ્યાં એટલે રાજાએ અમને આશ્વાસન આપ્યું કે તમે મારા વિયોગથી કાયર ન બનો. **જયાં સંયોગ છે ત્યાં વિયોગ નક્કી છે.** માટે આવું નાટક રચીને મને તમે પરમપદની સાધનામાં અંતરાય ન કરો.

અમારા વિચારોને નહિ જાણતા એવા અમારા પિતા રાજાને મેં કહ્યું કે–અમને અમારા વીતેલા દુઃખદ ભવોનું જ્ઞાન થયું છે. તેથી અમને હવે આ સંસારના મિથ્યા સુખો પ્રત્યે નફરત ઉત્પન્ન થઈ છે. તેથી આપ અમને પણ આજ્ઞા આપો, જેથી અમે પણ આપશ્રીની સાથે જ સંયમનો સ્વીકાર કરી અનંતદુઃખમય સંસારનો ક્ષય કરી અમે પણ શાશ્વત સુખના ભોક્તાં બનીએ.

પોતાના પુત્ર–પુત્રીની સંયમ લેવાની તીવ્ર ભાવના જાણી રાજાએ અમને બંનેને અંતઃકરણથી ખૂબ જ ધન્યવાદ આપ્યા. તમે બંનેએ આપણા કુળને ઉજ્જવળ કર્યું છે. તમે તો આપણા કુળની શોભા છો. તમારા જેવા સંતાનોને પામી હું પણ આજે કૃતકૃત્ય બન્યો છું. માટે તમે બંને ભાઈ બહેન હવે સંયમ લેવામાં જરાયે વિલંબ ન કરશો. મારા પિતાએ મારી માયાવી માતા નયનાવલીના કહેવાથી સંયમ લેવામાં એક દિવસનો જ વિલંબ કર્યો તો કેવું ભયંકર પરિણામ આવ્યું તે તો હવે તમે તમારા જાતિસ્મરણથી સુપેરે જાણો છો.

પછી મારા પિતા ગુણધર રાજાએ તેમના ભાણેજ વિજયવર્માને રાજ્યનો ભાર સોંપી, અષ્ટાન્હિકા મહોત્સવ પૂર્વક સકલઅંતઃપુરની સ્ત્રીઓ અને અમારી સાથે મહાજ્ઞાની ગુરૂદેવ પાસે સંયમરમણીનો સહર્ષ સ્વીકાર કર્યો.

રાજાએ સંયમ લઈને નયનાવલીનો પણ ઉદ્ધાર કરવાની ભાવનાથી પ્રેરાઈને પોતાના તારક પૂ. ગુરૂદેવ શ્રી સુદત્તમુનિવરને પ્રાર્થના કરી કે આપ નયનાવલી મારી માતાને કંઈક ધર્મોપદેશ આપીને ઉદ્ધાર કરો જેથી માતા પણ સદ્ગતિની ભાગી બને.

ગુરુદેવે નૂતન રાજર્ષિને કહ્યું કે—હે સૌમ્ય ! તમારી માતા નયનાવલી ધમાપદેશને યોગ્ય નથી. તેણીનો કર્મરોગ અસાધ્ય છે. તેણીએ ત્રીજી નરકનું આયુષ્ય બાંધી લીધું છે. માટે હવે તેની ભાવઅનુકંપા ચિંતવવી અને તેણી પર જરાયે મમત્વ ન રાખવું. સંસાર સ્વભાવનું ચિંતન કરવું. 'સર્વ

જીવો કર્મવશ છે ' એમ સમજી નિરર્થક ખેદ ન કરવો. અને લાખો ભવોએ પણ મળવી અતિ દુર્લભ એવી દીક્ષા પામીને એકચિત્તે અને શુદ્ધ મનથી તેનું હવે નિર્મળ પાલન કરો. નિરર્થક ચિંતાઓને કદીયે કરવી નહિ. સંસાર સ્વભાવને વારંવાર સંવેગની પુષ્ટિ માટે અને કાયાના સ્વભાવને વૈરાગ્યની દઢતા માટે નિરંતર ચિંતવતા રહેવું.

**કોઈ પણ વસ્તુ પર મમતા રાખવી નહિ. કદીયે સમતાને છોડવી નહિ. કેમ કે મમતા, એ જ ભવમાતા છે જ્યારે સમતા એ મોક્ષમાતા છે.**

**દીક્ષા મમતાને મારવા અને સમતાની સેવા કરવા માટે છે.**

**સંસાર છોડી સંયમ લીધું પણ મમતાના હાથ ન છોડયો અને સમતા રાણીનો હાથ ન પકડયો તો લીધેલું સંયમ નિષ્ફળ જાય છે.**

આમ પ્રસંગોપાત ગુરૂદેવ સુદત્ત મહામુનિએ અમને નૂતન દીક્ષિતોને હિતશિક્ષા આપી.

ગુરૂદેવની આ અમૂલ્ય હિતશિક્ષા અમે સૌ નૂતન દીક્ષિતોએ શિરસાવંદ્ય કરી. અમે સૌ નૂતન દીક્ષિતોએ ખૂબ જ આદરથી સંયમનું પાલન કર્યું અને અંતે શાસ્ત્રોક્ત વિધિથી દેહનો ત્યાગ કરી અમે આઠમા સહસ્રાર નામના દેવલોકમાં દેવ થયા. ત્યાં દિવ્ય સુખો ભોગવીને આયુષ્ય પૂર્ણ થયે હું કૌશલા નામના દેશમાં આવેલા સાકેતપુર નગરમાં વિનયંધર રાજાના ત્યાં લક્ષ્મીવતી નામની રાણીની કુક્ષીમાં ઉત્પન્ન થયો. નવ મહિના પૂર્ણ થયે મારો જન્મ થયો. શુભ મુહૂર્તે મારું નામ **યશોધર** પાડવામાં આવ્યું.

આ બાજુ અભયમતિનો જીવ દેવ પણ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને પાટલીપુત્ર નામના નગરમાં ઈશાનસેન રાજાના ત્યાં વિજયા નામની પટ્ટરાણીની કુક્ષીમાં **પુત્રી** તરીકે ઉત્પન્ન થઈ. કાળક્રમે તેનો જન્મ થયો. શુભ મુહૂર્તે તેનું નામ પાડ્યું **વિનયમતિ.** ક્રમશઃ હું અને વિનયમતિ દેહથી, બુદ્ધિથી અને જ્ઞાનકલાથી વૃદ્ધિ પામીને યૌવન વયમાં આવ્યાં. ઈશાનસેન રાજાએ પોતાની પુત્રી વિનયમતિને મારી સાથે લગ્ન કરવા સામેથી અનેક રાજપુરુષો અને રાજસ્ત્રીઓ સાથે આડંબર પૂર્વક અહીં મોકલી અને તેઓનો પડાવ નગર બહાર એક સુંદર ઉદ્યાનમાં રાખવામાં આવ્યો છે. આ સમાચાર મને મળતાં મને આનંદ થયો. વિવાહનો દિવસ નક્કી થયો. નક્કી થયેલા દિવસે મેં સ્નાન કર્યું, પીઠી ચોળવામાં આવી, વરરાજાને યોગ્ય ઉત્તમ અને મૂલ્યવાન વસ્ત્રો અને અલંકારોથી સજ્જ થઈને મહાઆડંબરપૂર્વક શ્વેત હાથી પર બેસીને રાજ્યના વાજિંત્રો સાથે વાજતેગાજતે મારા માતાપિતા, રાજ્યના મંત્રીઓ, અધિકારીઓ, સેના, નગરપતિઓ અને અંતઃપુરની સ્ત્રીઓ સાથે હું વિનયવતીને પરણવા જઈ રહ્યો હતો. ત્યાં મારી જમણી આંખ ફરકી. તેથી મેં અનુમાન કર્યું કે આજે કંઈક વિશેષ લાભ થવો જોઈએ.

એટલામાં મારો લગ્નનો વરઘોડો કલ્યાણ નામના શેઠના ઘરના આંગણે આવ્યો. ત્યાં ભિક્ષા માટે આવેલા મેં એક મુનિરાજને જોયા. અભયરુચિના ભવમાં ચારિત્ર બહુભાવથી લઈને બહુભાવથી પાળેલું. તેથી તેના ગાઢ

સંસ્કારથી સાધુ મહાત્માને જોઇને મને હાથી પર બેઠા બેઠા જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી હું બેભાન થઈને હાથીની અંબાડી પરથી પડતો હતો ત્યાં મારી બાજુમાં બેઠેલા રામભદ્ર નામના આત્મરક્ષકે મને પડતો ઝીલી લીધો. તે ખૂબ જ ગભરાઈ ગયો.

તેણે તુરત મોટેથી બૂમ પાડી કહ્યું કે– હમણાં વાજાં વગાડવાનું બંધ કરો. મારા પિતા રાજા પણ મારી પાસે આવ્યા અને બોલ્યા–આ અચાનક તને શું થયું ? લગ્નના આનંદની જગ્યાએ ક્ષણભર વિષાદ છવાઈ ગયો. બધા જાનૈયાઓ ત્યાં ભેગા થઈ ગયા. પછી મને ચંદનનું પાણી છાંટી ભાનમાં લાવ્યો. મેં આંખો ખોલી. આસન પર મને બેસાડયો. મારા પિતાએ મને પૂછયું કે—હે બેટા ! તને અચાનક શું થયું ? મેં કહ્યું—ભવની ભયંકરતા જાતિસ્મરણ જ્ઞાનથી જાણી મેં ભાન ગુમાવ્યું હતું. મારા કરૂણ ભવોની કથા ખૂબ જ લાંબી છે માટે તમારે સાંભળવી હોય તો યોગ્ય જગ્યાએ આપણે બધા બેસીએ. મારા પિતાએ રાજમાર્ગ પર આવેલી એક મોટી સભા હતી તે જગ્યા પસંદ કરી. મેં સુરેન્દ્રદત્ત રાજાના ભવથી યશોધર સુધીના નવ ભવની કરૂણ કથા સૌને સંભળાવી. તેથી મારા પિતા માતા વગેરેને ખૂબ જ વૈરાગ્ય ઉત્પન્ન થયો.

મેં મારા પિતાને સ્પષ્ટ કહી દીધું કે—હવે મારે લગ્ન કરવું નથી. મારું મન કામભોગોથી સર્વથા વિરક્ત બની ગયું છે. ભોગોનું પરિણામ ખતરનાક છે.

મારા પિતાએ મને કહ્યું—વિનયમતિ બહુ કોડથી તારી સાથે સ્વયંવરા લગ્ન કરવા આવેલી છે. તે બિચારી તારા લગ્ન નહિ કરવાના નિર્ણયથી નારાજ થઈ જશે. તે કોડ ભરેલી કન્યાના અરમાનો ભાંગીને ભુક્કો થઈ જશે માટે તેનો કાંઈક વિચાર કર.

મેં કહ્યું– પૂજ્ય પિતાશ્રી ! આપ વિનયમતિની ચિંતા ન કરો. આપ કોઈ બુદ્ધિશાળી પુરૂષને તેણી પાસે મોકલી મારા નવ ભવની વાત સાંભળાવો. મને પૂર્ણ વિશ્વાસ છે કે તે નવ ભવોનું વર્ણન સાંભળી વિરક્ત બની તે પણ મારા પગલે પગલે પરમપદના પૂનિત પંથે પ્રયાણ કરશે.

મારા કહેવાથી મારા પિતાએ શંખવર્ધન નામના પુરોહિતને કહ્યું કે–તું હમણાંને હમણાં રાજકુમારી વિનયમતિ પાસે જા. અને યશોધર રાજકુમાર પાસે સાંભળેલી નવ ભવની કથા તું તેણીને સંભળાવ.

રાજાની આજ્ઞા થતાં પુરોહિત વિનયમતિના ઉતારે ગયો. રાજકુમારી અને તેણીના સ્વજનોએ તેનું ખૂબ જ સન્માન કરી બેસવા આસન આપ્યું. પુરોહિતે વાત શરૂ કરી. રાજકુમારી વિનયમતિ અંજલી જોડીને વિનયપૂર્વક પુરોહિતની વાત ધ્યાનથી સાંભળી રહી છે ત્યાં પુરોહિતે કહ્યું કે—હે રાજપુત્રી ! કુમાર યશોધર તને પરણવા આવી રહ્યા હતા ત્યાં રસ્તામાં એક સાધુને જોઈને તેમને જાતિ-સ્મરણ જ્ઞાન થયું છે. તેમને પોતાના નવ ભવો યાદ આવ્યા છે. તે તું ધ્યાનથી સાંભળ– પછી પુરોહિતે સુરેન્દ્રદત્ત

રાજાના ભવથી યશોધર રાજકુમારના ભવ સુધીની કરૂણ કથા સંભળાવી.

નવ ભવોનું વર્ણન સાંભળી રાજકુમારી એકદમ બેભાન બનીને જમીન પર પડી ગઈ. વિનયમતિના પરિજનો ગભરાઈ ગયા. ચંદનનું પાણી સીંચી રાજકુમારીને ભાનમાં લાવ્યા. પછી રાજકુમારીને પૂછવામાં આવ્યું કે—હે પુત્રી ! તને અચાનક શું થયું ? તેણીએ પોતાના નવભવો જે જાતિસ્મરણ જ્ઞાનથી જાણ્યા તેની કરૂણ કહાણી સૌ સમક્ષ કહી સંભળાવી. તે સાંભળીને સૌને આશ્ચર્ય સાથે વૈરાગ્ય ઉત્પન્ન થયો.

વિનયમતિએ પુરોહિતને કહ્યું કે—મારા સસરા મહારાજાને મારા વતી સવિનય કહેશો કે–રાજકુમારી પણ તમારા રાજકુંવરની સાથે દીક્ષા લેવા ઈચ્છે છે. માટે મને દીક્ષા લેવા આજ્ઞા આપો. આ સ્વપ્ન તુલ્ય સાંસારિક સુખોથી મારું મન સર્વથા વિરક્ત બની ગયું છે.

પુરોહિતે આવીને રાજાને રાજકુમારીની બધી સવિસ્તર વાત કહી. તે સાંભળીને રાજાને પણ વૈરાગ્ય થયો. પછી રાજાએ મને કહ્યું– હે બેટા ! તું મારો પુત્ર જ નહિ, પણ મને ધર્મમાર્ગમાં જોડનાર મારો ધર્મગુરુ છે. માટે હવે આ સંસારથી અને આ રાજપાટથી સર્યું. મારે તેનું હવે પ્રયોજન નથી. હું પણ તમારી સાથે જ દીક્ષા લઈશ.

મારી માતા પણ ચારિત્ર લેવા તૈયાર થઈ ગઈ. પછી મારા પિતાએ નગરમાં મહાદાનની ઘોષણા કરાવી, જિન-

મંદિરોમાં મહોત્સવ કર્યો અને સૌને પ્રીતિ દાન આપી સંતોષીને રાજ્ય પર મારા લઘુબંધુ યશોવર્ધનને બેસાડીને મેં, મારા માતાપિતાએ અને વિનયમતિએ ભગવાન ઇન્દ્રભૂતિ પાસે વિધિપૂર્વક દીક્ષા લીધી.

હે ધનકુમાર! આ જ મારા વૈરાગ્યનું કારણ છે. ધનકુમારે અવધિજ્ઞાની યશોધર મુનિવરને કહ્યું કે—પ્રભો! આપનું વૈરાગ્યનું કારણ ઘણું જ સુંદર છે.

આવું આપનું નવભવનું વર્ણન સાંભળીને કયા સહૃદયને વૈરાગ્ય ન થાય?

ખરેખર! આ સંસાર અસાર અને દુઃખમય છે. આપે આપનું નવ ભવનું ચારિત્ર સંભળાવી મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આજે હું આપના દર્શનથી અને વાણીથી કૃતકૃત્ય બન્યો છું.

પછી સમરાદિત્ય કેવલીનો જીવ ધન યશોધર મુનિરાજ પાસેથી ધર્મનું સ્વરૂપ સાંભળી, સાધુ ધર્મનો સ્વીકાર કરી પોતાનું આત્મકલ્યાણ કર્યું અને યશોધર મહામુનિ માસકલ્પ પૂર્ણ થયે ત્યાંથી વિહાર કરી ગયા. અંતે સકલ કર્મોનો ક્ષય કરી અજરામર પદને પ્રાપ્ત કર્યું.

**૦ ઇતિ યશોધર ચરિત્ર ૦**

પૂ. વિદ્વાન લેખક તથા પ્રવચનકાર મુનિરાજશ્રી
**ધર્મગુપ્ત વિજયજી મહારાજ સાહેબની કલમે**
**લખાયેલ મનનીય આધ્યાત્મિક પુસ્તકો**

| | |
|---|---|
| જૈન દર્શન દર્પણ | ૧૦-૦૦ |
| નવપદ ઉપાસના | ૧૦-૦૦ |
| આગમ અનુપ્રેક્ષા | ૧૦-૦૦ |
| યોગદર્શન (બીજી આવૃત્તિ) | ૬-૫૦ |
| વૈરાગ્ય ગંગા ,, | ૩-૦૦ |
| ષોડશક પ્રવચનો ,, | ૩-૦૦ |
| પ્રવચન પરાગ | ૩-૦૦ |
| વૈરાગ્યમય વાર્તાઓ | ૩-૦૦ |
| વીતરાગ વાણી | ૩-૦૦ |
| તત્ત્વજ્ઞાન શ્રેણીનો ૨૦ પુસ્તકોનો સેટ | ૨૦-૦૦ |
| જ્ઞાન જ્યોત વાર્તા શ્રેણીનો ૧૦ પુસ્તકોનો આકર્ષક સેટ | ૨૦-૦૦ |
| સંસ્કાર જ્યોત વાર્તા શ્રેણીનો ૧૦ પુસ્તકોનો સેટ | ૨૦-૦૦ |
| સંસ્કાર ધન ભા. ૧ થી ૧૨ નો સેટ | ૧૨-૦૦ |
| ત્રણ ભાષ્યોનું વિજ્ઞાન | ૧-૫૦ |
| સરળ નવતત્ત્વ | ૧-૦૦ |
| શલ્યોધ્ધાર | ૧-૦૦ |
| ચિંતન સાગર | ૨-૦૦ |
| તત્ત્વ ચિંતન | ૧-૦૦ |
| ચિંતન | ૨-૦૦ |
| ચેતન તું એકલો | ૧-૦૦ |

—: પ્રાપ્તિ સ્થાન :—

**સેવંતીલાલ સાકળચંદ શાહ**

**'રત્નમણી', સ્ટેડીયમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯.**

ટાઈટલ : પ્રિન્ટવેલ પ્રિન્ટર્સ, શાહપુર બહાઈ સેન્ટર, અમદાવાદ-૧.